દંપતીધર્મ પુસ્તક માલા—પુસ્તક ૪થું. ૫મું.

નવીન-ગૃહિણી.



પ્રકાશક

ભીખાભાઈ છોટાલાલ ચોધરી

જમાલપુર—અમદાવાદ

મૂલ્ય—વાર્ષિક ચારસેં પૃષ્ઠના દશ આના.

૧૯૮૬ ૦—૨—૦

ॐ

દયાધર્મ પુસ્તકમાળા અંક ૪-૫ મું.

નવીન ગૃહિણી.

(બોધદાયક સાંસારિક નવલકથા.)

લખનાર
વ્રજલાલ જાદવજી ઠક્કર.
માંડવીની પોળ—અમદાવાદ.

પ્રકાશક
ભીખાભાઈ છોટાલાલ ચોધરી
જમાલપુર—અમદાવાદ

પ્રથમાવૃત્તિ, નકલ ૧૫૦૦. સને ૧૯૧૭—સંવત ૧૯૭૩.

અમદાવાદ—શ્રી જૈન એડવોકેટ પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. ચીમનલાલ ગોકળદાસે છાપી.

કિંમત ૦-૪-૦.

હિંદુસ્તાનમાં પહેલું

સચિત્ર મફત માસિક પત્ર

દંપતી હિતેચ્છુ

દર મહિને ઉત્તમોત્તમ વાચન પુરૂં પાડતું, વિદ્વાનોના હાથે લખાતું, જાહેર વર્તમાન પત્રો તથા વિદ્વાનોના હાથે વખણાએલું ચિત્રોથી ભરપુર નાતાલના અંક સાથે મળેછે, આવું મસિક હિંદુસ્તાનમાં પહેલુંજ છે કે જેનું લવાજમ લેવાનું નથી, આવાં છાપકામને લગતા દરેક સાહિત્યની મોંઘવારી છતાં આ માસિક માટે

નરેંદ્ર યાને બે વિદ્યાર્થી

નામનું ભેટનું પુસ્તક તૈયાર છે કે જેમાત્ર છ આના વધુ ભરવાથી મળી શકે છે; એટલે વાર્ષિક પોસ્ટેજ છ આના, ભેટના પુસ્તકના છ આના મળી બારઆના, હિંદુસ્તાન બહારવાળા એ રૂ. ૧-૨-૦ મોકલવા. જુના અંકો તથા ખાસ અંક સીલકમાં હશે તોજ મળશે જુના ગ્રાહકોએ છ આના મોકલી ભેટનું પુસ્તક મંગાવી લેવું.

ભીખાભાઈ છોટાલાલ ચોધરી

જમાલપુર—અમદાવાદ.

નિવેદન

દંપતીધર્મ, પુસ્તક માળાના ચોથા પાંચમા પુસ્તક તરીકે આ પુસ્તક આપતાં અમોને અત્યાનંદ થાયછે. આ પુસ્તકમાં સાસુઓ કેવી સુશીલ હોયછે, તેમજ વહુઓ સુશીલ પણ હોયછે તથા અભણ કેવી દુષ્ટ રૂપ હોયછે તેનું આબેહુબ દિગદર્શન છે. સાસુઓજ ખોટી છે એવી માનતા અમારી નથી, પરંતુ ખોટાપણું તે અજ્ઞાનતાજ છે. આવી કેટલીક ઉપયોગી બાબતોથી ભરપુર આવું ઉત્તમ પુસ્તકના લેખક પ્રીય બન્ધુશ્રી વ્રજલાલ જાદવજી ઠક્કરછે કે જે આજે પ્રખ્યાત નવલ કથાકાર તરીકે ગુજરાતી જાણનારી પ્રજામાં માનનીય થઇ પડયાછે. આવું ઉપયોગી પુસ્તક, નિસ્વાર્થપૂર્વક લખી આપવા બદલ તેઓનો આભારી છું.

આવા મોંઘવારીના સમયમાં અમે જે સાહસ ઉઠાવ્યું છે તેનો મારા દરેક માનવંતા ગ્રાહકો મદદ કરશે એવી પ્રાર્થના સાથે ૐ શાન્તિ ! શાન્તિ ! શાન્તિ !

તા. ૧ ફેબ્રુવારી 1917 } પ્રકાશક

સુરતમાં નુતે બાબત બહાર આવી છે!!!

સોની કોમનો હુન્નર

સોની પોતાની ચાલાકી કોઇને ન બતાવે તે આ પુસ્તકમાં ભાષા સાથે વર્ણવી છે, જેની કિંમત માત્ર ચારજ આના છે વી. પી. થી છ આના.

આ પુસ્તક વિષે અમે વખાણ કરીએ તેના કરતાં જાહેર પત્રો શું કહે છે તે વાંચો તો બસ છે.

"સોની લોકો પોતાના ધંધામાં ઘણી અપ્રમાણિકતા ચલાવે છે અને દાગીના ઘડાવનારાઓને હમ્મેશાં છેતરે છે. ધાપ મારે છે, એ વાત એટલી તો ઉઘાડી પાડીછે કે એ બાબત વિશેષ સ્પષ્ટીકરણ કરવાની જરૂર નથી. ગ્રાહકોને છેતરવાની તેમની કેટલીક ચાલાકીઓ આ પુસ્તકમાં સારી રીતે ઉઘાડી પાડવામાં આવી છે. દાગીના ઘડાવનાર દરેક માણસે આ પુસ્તક વાંચવું જોઇએ" ગુજરાતી પંચ.

દંપતી ગઝલમાળા.

રા. મુસાફિરની કલમથી લખાએલી ગઝલોનો સંગ્રહ છપાઇ તૈયાર થવા આવ્યો છે. તાકીદે મંગાવો. કિંમત છ આના વી, પી.થી આઠ આના.

ભીખાભાઇ છોટાલાલ ચોધરી—જમાલપુર—અમદાવાદ.

ૐ

નવીન ગૃહિણી

શ્રીયુત મોહનલાલ ભણેલા ગણેલા પુરૂષ છે. તેમને પોતાની નોકરી ઉપરથી માસિક એંસી રૂપિયા પગાર મળેછે. તેમના પિતાનો પરલોકવાસ તો તેમની બાલ્યાવસ્થામાંજ થઈ ગયો હતો, પરંતુ તેમની માતાએ મહાસુશોભતે ગૃહસંસારનો ભાર વેઠીને તેમને એફ. એ. સુધી ભણાવ્યા. એફ. એ. પાસ થયા પછી તેમને માસિક ચાલીસ રૂપીયાના પગારની નોકરી મળી તથા એક શિક્ષિત કુટુંબમાં તેમનો વિવાહ પણ થઇ ગયો. તેમની પત્નીનું નામ સુલોચના હતું. તે ઘણી બુદ્ધિમતી, રૂપવતી તેમજ ગુણવતી હતી. સુંદરતા, અને સુશીલતા તથા સદ્‌ગુણો હંમેશાં એકત્ર રહેતા નથી, પરંતુ પરમેશ્વરની કૃપાથી મોહનલાલની પત્ની સર્વ સદ્‌ગુણોથી વિભૂષિત હતી. સુયોગ્ય પતિ-પત્ની વચ્ચે જેવો પ્રેમ હોવો જોઇએ તેવો પ્રેમ ઉભયમાં હતો. વિવાહ પછી ત્રણ વર્ષે બન્નેને એક પુત્રરત્નનું સુખ ભોગવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, શ્રીયુત મોહનલાલની વૃદ્ધ માતાને પૌત્રના જન્મથી અપૂર્વ આનંદ થયો. હવે તે સંસારમાં પોતાને મહાસુખી

સમજતી હતી. એ બાળક એક માસનો થયો ત્યારથીજ મોહનલાલની માતાને રાત્રિદિવસ પોતાની પાસેજ રાખતી અને રમાડયા કરતી. માત્ર જ્યારે તે રૂદન કરતો ત્યારે તેને દૂધ પીવડાવવાને માટે જ તેની માતાને આપતી હતી. સુલોચના રસોઇ તથા ગૃહનું સઘળું કામકાજ આનંદથી કરતી હતી તથા પોતાની વૃદ્ધ સાસુની પાસે પુત્રરત્નને રમતો જોઇ ઘણી ખુશી રહેતી હતી. જે દિવસે મોહનલાલને પુત્ર થયો તેજ દિવસે તેમના પગારમાં પણ વધારો થયો. તેઓ ડિસ્ટ્રિક્ટ ઇજીનીયરની ઑફિસમાં બીજા કારકુનની જગ્યા ઉપર હતા પરંતુ તે દિવસે એંશી રૂપિયાના પગારથી મુખ્ય કારકુન નીમાયા. પુત્રના જન્મને દિવસેજ આ પ્રમાણે પિતાની ઉન્નતિ થવાથી સર્વ પુત્રને ઘણો સૌભાગ્યવાન સમજવા લાગ્યાં. આવા પ્રકારના આનંદમાં ત્રણ વર્ષ વીતી ગયાં હશે એવામાં તેનું ભાગ્યચક્ર એકાએક ફરી ગયું. કોણ જાણે કે શાથી યોગ્ય દંપતી પરસ્પરના પ્રેમનું સ્વર્ગીય સુખ ચિરકાળ સુધી ભોગવી શકતાં નથી. બન્નેમાંથી કોઇ એકના વિયોગ થઇને અન્ય એકનું ભવિષ્ય જીવન દુ:ખમય બની જાય છે; પરંતુ પુરૂષો તો ઘણું કરીને પૂનર્વિવાહ કરી શકે છે, તથા પ્રથમ પત્નીના વિયોગનું દુ:ખ ભૂલી જાય છે; પરંતુ બિચારી નવયૌવના વિધવાઓ તો રૂદન કરતાં કરતાં જ પોતાનું અસહ્ય દુ:ખમય જીવન મહાશોકથી વ્યતીત કરે છે. યુવક મોહનલાલ અને નવયુવતી સુલોચનાનો વિવાહ થયાને છ વર્ષ થઇ ગયાં હતાં પરંતુ ઉભયના પ્રેમમાં યતકિંચિત્ પણ અંતર નહોતું. બન્નેનાં બે શરીરો એકપ્રાણસમાન હતાં; પરંતુ ભાગ્યના નિયમ પ્રમાણે બન્નેના સુખમય જીવનનો અંતિમ સમય આવી પહોંચ્યો. સુલોચના બિમાર થઇ ગઈ. થોડા દિવસ

સુધી સાધારણ જવર છે એમ ધારી મોહનલાલે તે પ્રતિ વિશેષ લક્ષ્ય આપ્યું નહિ, છેવટે જ્યારે સુલોચના ઘરનું કામકાજ કરવાને અશક્ત થઇ પડી ત્યારે મોહનલાલને ઘણી ચિંતા થવા લાગી. એક સુયોગ્ય ડૉક્ટર સાહેબને બોલાવવામાં આવ્યા. તેમણે ચિકિત્સા કરી જણાવ્યું કે તમારી સ્ત્રીને ક્ષય થયોછે, ક્ષયનું નામ સાંભળતાંજ મોહનલાલને ઘણી ચિંતા તેમજ શોક થયો. ડૉક્ટરે મોહનલાલને કહ્યું કે તમે ઘણી ભૂલ કરી છે. બિમારીના શરૂઆતમાં આપે બરોબર ચિકિત્સા કરાવી નહિ પરિણામ એ આવ્યું કે તાવ દૂર થયો નહિ અને આજે આવી ભયંકર અવસ્થા થઇ પડી. ફેફસાં બગડી ગયાં છે ગમે તેમ હો પણ હવે તો ઉત્તમ પ્રકારના ઉપાયો થવા જોઇએ.

મોહનલાલને પોતાની અસાવધાનતા ઉપર ઘણું લાગી આવ્યું હવે તેઓ અતિયત્નથી પત્નીની ચિકિત્સા કરાવવા લાગ્યા. સુલોચનાએ ના પાડયા છતાં ત્રણ માસની રજા લઇ લીધી. હવે તેઓ રાત્રિ દિવસ પોતાની પ્રાણપ્રિયાની પથારી પાસેજ બેઠા રહેતા હતા. એક દિવસે સિવિલ સર્જનને પણ બોલાવ્યો. તેણે શરીર, ફેફસાં વગેરેની બારીક ચિકિત્સા કરી કહ્યું:-" Hopeless Case " (નિરાશ અવસ્થા) છે, આવાં નિરાશનાં વચનો સાંભળતાં મોહનલાલના શોકની સીમા ન રહી. મોહનલાલની માતાની અવસ્થા ઘણી ખરાબ હતી. તે રાત્રિ દિવસ ચિંતામગ્ન રહી વિચાર કર્યા કરતી હતી કે " અરેરે ! મારૂં સ્વર્ગસમાન સુખી ઘર દુઃખના દાવાનળમાં સળગી ઉઠશે કે શું ? " પરંતુ કહેવત છે કે " જ્યાં સુધી શ્વાસ ત્યાં સુધી આશ. " આમ ધારી તે સહજ શાંત થતી.

પોતાના એક સંબંધીની સૂચનાથી તથા વિશેષ પ્રશંસા કરવાથી મોહનલાલ એક જુનાની હકીમની દવા કરાવવા લાગ્યાં. અનેક પ્રકારની દવાઓના સેવનથી શરીર કાંઇક સ્વસ્થ તો માલૂમ પડયું પરંતુ થોડા દિવસમાં જ એકાએક રોગનું એવું પ્રબળ આક્રમણ થયું કે હકીમજી યા તો અન્ય કોઇ ડૉકટરની કે વૈદ્યની દવા ફાયદાકારક થઈ નહિ; આમ છતાં હકીમ પોતાને સહવાર સાંજ એક એક રૂપિયો મળતો હોવાથી રોગ દૂર કરવાની આશા આપ્યા કરતો હતો. મોહનલાલે હકીમજીનાં વચનો ઉપર વિશ્વાસ મૂકી તેનીજ દવા ચાલુ રાખી. આનું પરિણામ એ આવ્યું કે સુલોચના લગભગ ત્રણ માસ સુધી જીવી શકે તેમ હતું તેને બદલે હવે એક મહિનો પણ જીવશે એવી આશા રહી નહિ. હકીમની દવાથી અંતકાળ સમીપ આવી પહોંચ્યો, મોહનલાલને પોતાની આ બીજી ભૂલ માટે પણ ઘણો પશ્ચાત્તાપ થયો. મોહનલાલની વ્હેને જ્યારે ભાભીના મંદવાડના સમાચાર જાણ્યા ત્યારે તે ભાભીને જોવા આવી. તેની સાથે મોહનલાલના બનેવી જમનાદાસ પણ આવ્યા. જ્યારે જમનાદાસ હકીમની દવાથી રોગ વધી પડ્યાની વાત સાંભળી ત્યારે તેમણે કહ્યું:—" મોહનલાલ ! તમે મોટી ભૂલ કરી છે. તમારે આયુર્વેદિક ચિકિત્સા કરાવવી જોઇતી હતી. આ આરા શહેરમાં પંડિત વૈદ્યનાથ ઘણા નિપૂણ છે. તેમની દવાથી અવશ્ય ફાયદો થાત. "

બનેવીનાં ઉપલાં વચનોથી મોહનલાલને પણ વૈદ્યનાથને બોલાવવાનો વિચાર થયો. તેણે પોતાના બનેવીને વૈદ્યનાથને લાવવા મોકલ્યો. તેમણે પંડિત વૈદ્યનાથની પાસે જઈ રોગની સઘળી હકીકત કહી સંભળાવી; તે સાંભળી રહ્યા પછી તેમણે રોગને અસાધ્ય સમજી

કહ્યું:–" મારાથી બહાર આવી શકાય તેમ નથી. કારણકે હમણાં હું અહીં કેટલાક અગત્યના રોગીઓની દવા કરી રહ્યો છું. જો કદાચિત્ રોગી ઓને અહીં લઈ આવો તો ચિકિત્સા કરૂં."

જમનાદાસે કહ્યું કે:–" રોગીષ્ઠી ઓ ઘણી નિર્બળ તથા અહીં આવવાને અશક્ત છે, તેથી એક વખત આપ કૃપા કરીને જોઈ જાઓ. જે કાંઈ ફી થશે તે અમે ખુશીથી આપીશું."

આમ કહ્યા છતાં વૈદ્યે કોઈપણ પ્રકારે જમનાપ્રસાદની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો નહિ કારણતે તેમનું જવું તદ્દન નકામું હતું. એ પછી ત્રીજે જ દિવસે સુલોચનાએ પરલોકયાત્રા કરી હતી. મૃત્યુ થયું તેને આગલે દિવસે તે કાંઈક સ્વસ્થ હતી. તે દિવસે તેણે પોતાના પતિને એકલા જોઈ મહા શોકની સાથે કહ્યું:– " પ્રાણેશ્વર ! હવે મારો અંતસમય ઘણો પાસેછે. મને શોક માત્ર એટલોજ થાય છે કે હું આપની તથા મારાં પ્રેમાળ સાસુજીની અધિક સેવા કરવાને માટે સૌભાગ્યવતી થઈ નહિ. વળી મ્હને અધિક શોક એ થાય છે કે આપને મ્હારા જેવી દાસી પણ મલશે; પરંતુ મ્હારો સુંદર સદાને માટે માતાવિનાનો થઇ જશે. હું આપની પાસે મ્હારી ભૂલચૂકની ક્ષમા માગી માત્ર એટલીજ પ્રાર્થના કરૂં છું કે મ્હારો સુંદર સુઃખી થાય એ સબધી ખાસ લક્ષ્ય આપજો."

મોહનલાલથી પત્નીનાં વચનો શ્રવણ કરી શકાયાં નહિ. તેણે રૂદન કરતાં કરતાં કહ્યું:— " વ્હાલી ! ત્હારી પાછળ સંસારમાં જો મ્હને કોઇનો મોહ તથા મમતા રહેશે તો તે સુંદર અને વૃદ્ધ માતાની જ. જો તેઓ ના હોત તો હું આ અસાર સંસારની જાળમાંથી મુક્ત થઇ જવાને તૈયાર થઇ ગયો હોત."

સુલોચના બોલી:—" ઇશ્વિર આપને દીર્ઘાયુ કરો. આપ આ સંસારમાં સુખી રહો. આપની ઉંમર અદ્યાપિ કાંઈ વિશેષ થઇ ગઇ નથી તેથી આપનો પુનર્વિવાહ તો થશે; પરંતુ બનતા સુધી આપ સારા કુટુંબની ઉત્તમ સ્વભાવવાળી કન્યા સાથે વિવાહ કરજો. બીજી પ્રાર્થના એક છે કે, મેં તમારી આવકમાંથી બચાવી બચાવીને જે એક હજાર રૂપિયા એકઠા કર્યા છે તેમાંથી સો જાલંધરના કન્યા મહાવિદ્યાલયમાં દાન આપજો. બાકીના રૂપિયા સુંદરના નામથી બેંકમાં જમા કરાવી દેજો. આ રૂપિયાના વ્યાજમાંથી સુંદરનું પ્રતિપાલન થાય તથા જ્યારે તે મોટો અને સમજુ થાય ત્યારે આ રૂપિયા તેને મલે તેવી વ્યવસ્થા કરજો:- "

મોહનલાલનાં નેત્રોમાંથી આ સમયે અશ્રુપાત થઇ રહ્યો હતો. તેમણે કહ્યું:—" એમજ થશે. "

આ સમયે કાંઇ વિશેષ બોલાવાને મોહનલાલનો વિચાર હતો; પરંતુ શોકથી કંઠ રૂંધાઇ ગયો હતો એટલે તેઓ વિશેષ બોલી શક્યા નહિં.

આ સમયે સુંદરને લઇને મોહનલાલની બ્હેન ત્યાં આગળ આવી. મોહનલાલ નેત્રોમાંના આંસું સાફ કરી બ્હાર ચાલ્યા ગયા, આજકાલ નણંદ ભોજાઇ વચ્ચે ભાગ્યેજ સલાહસંપ હોય એવું જોવામાં આવે છે; પરંતુ આ બન્નેમાં તો સહોદર ભગિનીઓના જેવો સ્નેહ હતો. જોકે નણંદ રાજેશ્વરીને આવતાં થોડા ઘણા દિવસનો વિશેષ વિલંબ થઇ જતો તો પુનઃ ભાભીનો પત્ર જતો તથા તે સાથે ત્વરાથી આવી પહોંચવાનો આગ્રહ થતો, જમનાદાસ પણ કોઇ કોઈ વખત પોતાની સ્રીની અધિક આતુરતા જોઇ નારાજ થઈ જતા હતા; પરંતુ રાજેશ્વરી પોતાના પતિનું સમાધાન કરી ભાભીપાસે આવી પહોંચ્યા સિવાય

રહેતી નહિ. આ વખતે પોતાની દેરાણીની પુત્રીના વિવાહને લીધે ત્વરાથી આવી શકવાનું બન્યું નહોતું, આ સમય દરમ્યાન સુલોચના રોગગ્રસ્ત થઇ ગઇ, તથા તેની દશા ઘણી કરૂણાજનક થઈ પડી, સુલોચનાએ રાજેશ્વરીને વિવાહ જેવા શુભ સમયે ઉદાસ રહેવાના ભયથી પોતાના અસાધ્ય રોગની ખબર આપી નહોતી. રાજેશ્વરી જ્યારથી આવી ત્યારથી તે પોતાની પ્રાણાધિક ભાભીની રોગપૂર્ણ અવસ્થા જોઇ રાત્રિ દિવસ એકાંતમાં બેસી રૂદન કર્યા કરતી હતી; છતાં તે વારંવાર સુલોચનાની પાસે જઇને તેને સર્વ આપતી હતી. રાજેશ્વરીએ માત્ર ત્રણજ દિવસમાં સુંદરને એવો તો આકર્ષી લીધો કે તે હવે પોતાની દાદીને પણ ભૂલી જઇને રાત્રિદિવસ ફોઇના ખોળામાંજ રમ્યા કરતો હતો ફોઇના હાથેજ દૂધ પીતો હતો. ફોઇને હાથેજ આહાર કરતો હતો, તથા ફોઇની સાથેજ સૂતો હતો. સુંદર આજકાલ પોતાની ફોઇના ગળાનો હાર થઈ રહ્યો હતો એમ કહીએ તો પણ લેશ માત્ર ખોટું નથી બુદ્ધિમતી રાજેશ્વરીએ સુંદરને પોતાના તરફ આટલો બધો આકર્ષી લીધો તેનું કારણ એ હતું કે કદાચિત સુલોચના મૃત્યુ પામે તો તે સુંદરને પોતાની સાથે લઈ જાય. સુંદરને તેની ફોઇના ખોળામાં જોતાં સુલોચનાએ કહ્યું:—" બ્હેન ! હવે આ અસાર સંસારમાં માત્ર થોડા સમયનીજ મહેમાન છું. હું તમારી પાસે માત્ર એકજ પ્રકારની પ્રાર્થના કરૂં છું. આશા છે કે મ્હારી પ્રાર્થનાનો તમે સ્વીકાર કરશોજ. આ સંસારમાં મ્હારી પાછળ સુંદરનું પ્રતિપાલન કરવા તમે તેમજ તમારી માતા છો. પરંતુ તમારી માતા હવે પાકાપાન સમાન છે. તેમના દેહનો કાંઈ ભરોસો નથી. જ્યારે તેઓ મ્હારી આવી રોગી અવસ્થામાંજ અધમુઆ જેવાં થઇ ગયાં છે તો પછી કોણ જાણે કે મ્હારા આ સંસારમાંથી વિદાય થયા

પછી તેમની કેવી દશા થશે? આથી કરીને હવે હું મ્હારો સુંદર તમને સોંપીને નિશ્ચિંતરીતે મૃત્યુના આધીન થઇશ. હવે આ મ્હારા અનાથ સુંદરનાં આશ્રયદાયિની તમેજ છો." આટલું બોલતાં બોલતાંમાં તો સુલોચનાનાં નેત્રોમાંથી અવિરલ અશ્રુધારા વહેવા લાગી.

રાજેશ્વરી ઉત્તરમાં કાંઇ કહેવાની ઇચ્છા રાખતી હતી પરંતુ ઘણો યત્ન કર્યા છતાં પણ તેનાથી સ્પષ્ટ રીતે કાંઈ કહી શકાયું નહિ; કેટલાક સમય પછી અસ્પષ્ટ સ્વરે તેણે કહ્યું કેઃ—"ભાભી ! તમે સુંદરની જરાપણ ચિંતા કરશો નહિ, હવેથી સુંદર મ્હારો અને હું સુંદરની થઇ ચૂકી છું; આટલું કહીને તે ઘણા શોકથી રૂદન કરવા લાગી સુંદર પણ પોતાની ફોઇ તથા માતાને રૂદન કરતાં જોઇ આક્રંદ કરવા લાગ્યો.

સુંદરને આક્રંદ કરતો જોઇને તેની ફોઇએ પોતે પહેરેલાં વસ્ત્રના પાલવથી તેનું ચક્ષુના અશ્રુજળ સાફ કરી નાખ્યું તથા તેને બીજા ઓરડામાં લઇ જઈ થોડી મિઠાઇ આપી ખુશી કર્યો.

હવે સુલોચનાના મનમાંથી સુંદરની ચિંતા દૂર થઇ. એ રાત્રે કોણ જાણે શાથી સુલોચનાએ એવી નિદ્રા લીધી કે તે રાત્રિના ૧૧ વાગે સૂતા પછી ૪ વાગ્યે બ્રાહ્મમુહુર્ત્તમાં જાગ્રત થઇ તેણે આંખો ઉઘાડી જોયું તો સામે પોતાના પતિને ખુરસી ઉપર બેસી રહેલો જોયો. સુલોચના શોકમિશ્રિત સ્વરે કહેવા લાગીઃ—" અરેરે ! પ્રાણનાથ ! હું લગભગ સમગ્રરાત્રિ સુખની નિદ્રામાં આ પ્રમાણે સૂઇ રહી અને આપે ખુરસી ઉપર બેઠે બેઠેજ સમગ્રરાત્રિ વ્યતીત કરી દીધી. અરેરે ! હું અભાગિનીને લીધે આપને આટલું બધું કષ્ટ ઉઠાવવું પડયું. હરિ ! હરિ ! હવે હું આપને વિશેષ દુઃખ દઇશ નહિ. આજે સાયંકાળનો સમય મ્હારો અંતિમકાળ છે. "

મોહનલાલને પોતાની સતી સાધ્વી પત્નીના શબ્દો સત્ય જણાયા નહિ. તેણે વિચાર્યું કે એ બિચારી મોહવશ આ પ્રમાણે કહે છે.

સાત વાગ્યે સુલોચનાએ પોતાની નણંદને બોલાવીને સ્નાન કરવાની પોતાની ઇચ્છા પ્રકટ કરી, તથા ઘણી મના કરવા છતાં પણ તેણે સ્નાન કર્યું, વસ્ત્રો બદલ્યાં અને પોતાના ભરોસા પ્રમાણે બેચાર વખત ગંગાજળ પીધું, તથા ત્રીજે પ્રહરે યથાશક્તિ દાનઃ-પુણ્ય કરાવ્યું. પાંચ વાગ્યે જમીન લીંપાવીને તેના ઉપર અબોટ કરાવવામાં આવ્યો, તથા અંતસમયે તેણે પોતાને ચોકા ઉપર લઇ લેવાનો સંકેત કરી સુમારે ૭ વાગ્યે અર્થાત્ સૂર્યાસ્ત સમયે આ લોકોને ત્યાગ કરી સતીલોક પ્રત્યે પ્રયાણ કર્યું.

(૨)

સુલોચનાના મૃત્યુશરણના સમાચાર સાંભળીને આડોસ પાડોસની અને કુળ કુટુંબની ઘણીખરી સ્ત્રીઓ એકત્રિત થઇ ગઇ હતી. એમાં બે ચાર સુલોચનાની સાહેલીઓ પણ હતી. સર્વેના રૂદન વિલાપથી તથા વિશેષતઃ સુલોચનાની નણંદ અને સાહેલીઓના આક્રંદથી મોહનલાલના ઘરમાં કરૂણારસનો સમુદ્ર ઉભરાઇ ગયો હતો. સુલોચનાની સાસુ તો બિચારી અસહ્ય શોકથી મૃતવત્ દશામાં પડી રહી હતી સુંદરને રાજેશ્વરીએ પોતાના એક સંબંધીને ત્યાં પાંચ વાગ્યાનો મોકલી દીધો હતો અને એ રાત્રે તેની સુચનાની વ્યવસ્થા પણ ત્યાંજ કરી દીધી હતી, સુંદર ત્યાં ખાઇપીને બાળકોની સાથે વાર્તાલાપ કરતો સૂઇ ગયો હતો, સવારે તેને ખાવાને માટે પોતાની એક કાસીદદ્વારા થોડી મિઠાઇ મોકલીને તેને સાયંકાળ સુધી ત્યાં બાળકોની અંદર રમતો

રાખવાની ગોઠવણ કરી હતી. મોહનલાલને ત્યાં મધ્યરાત્રિ સુધી રોવા. કુટવાનું ચાલ્યા કર્યું. મધ્યરાત્રિ વીતી ગયા પછી સ્ત્રીઓએ થોડી શાંતિ ધારણ કરી. પ્રાત:કાળ થતાંજ સુલોચનાના શબને અંત્યેષ્ટિ સંસ્કાર કરાવવાને માટે ગંગાતટપર લઈ જવામાં આવ્યું. ત્યાં ઉત્તમ ઘૃત તથા અન્ય પ્રકારની સુગંધિત હવન સામગ્રીથી શબને બાળવામાં આવ્યું. સહવારનાં ગએલાં સર્વ લોક સાંજના ચાર વાગ્યે પોતપોતાને ઘેર પાછા ફર્યાં. ઘેર પાછા ફર્યા પછી મોહનલાલની શોકાતુર દશા અવર્ણનીય હતી. આજે સમગ્ર સંસાર તેને અંધકારમય ભાસતો હતો. તે સંસારની અસારતાનો વિચાર કરી રહ્યો હતો. તેને હવે સંસારની કોઇપણ વસ્તુ આનંદદાયક જણાતી નહોતી. તે એમ ધારતો હતો હવે સંસારમાં તેના સુખની સમાપ્તિ થઇ ગઇ; હવે સંસાર તેને માત્ર દુ:ખથીજ ભરેલો જણાવા લાગ્યો. જે ઘરમાં એક સમયે સ્વર્ગ સુખનો અનુભવ થતો હતો તે ઘરમાં આજે રહેવાનું તો શું પરંતુ હવે તેને જોવાનું પણ દુ:ખમય બની ગયું છે. મોહનલાલ જ્યારે પોતાની પત્નીની મૃતક ક્રિયા પૂર્ણ કરીને ઘેર આવ્યો ત્યારે પાંચ દશ સ્ત્રીઓ, તેની બ્હેન તથા તેની માતા કે જેઓ સઘળાં ઘેર હતાં તેઓ અતિઉચ્ચસ્વરથી રૂદન કરવા લાગ્યાં. મોહનલાલ કેટલાક સમય સુધી મ્હોં ઉપર રૂમાલ ઢાંકી દઇ રૂદન કરતો કરતો ઘરના બારણામાંજ ઉભો રહ્યો; છેવટે તેણે રૂમાલથી પોતાનાં નેત્રોમાંનું જળ સાફ કરી, ધૈર્ય ધારણ કરી પોતાની સ્નેહવતી ભગિની અને પ્રેમમયી માતાને સમજાવ્યાં, થોડા સમયમાં તેઓ શાંત થઈ ગયાં. મોહનલાલે અંતમાં કહ્યું:—" સુંદરની માતાના વિયોગ શોકથી મ્હારૂં હૃદય સહસ્ત્રધા વિદિર્ણ થઈ

ગયું છે. છતાં તમે રૂદન કરીને મ્હારા આ અપાર દુ:ખમાં શા માટે વૃદ્ધિ કરોછો ? ”

રાજેશ્વરી ઘણી બુદ્ધિમતી હતી.બંધુના શબ્દો સાંભળતાંજ તેણે પોતાના વસ્ત્રના પાલવથી ચક્ષુજળ સાફ કરી કહ્યું:—“ ભાઇ ! ભાભીનો શોકતો હું સહન કરી લઉંછું, પરંતુ હવે મ્હને જે શોક થાય છે તે તમારા ત્રણજણ માટેજ થાય છે. સુંદર અદ્યાપિ કિશોર અવસ્થામાં છે. હું જ્યાં સુધી અત્રે રહીશ ત્યાં સુધીતો તેને આનંદમાં રાખી શકીશ અને ત્યાર પછી તેને હું મ્હારી સાથે લઇ જઇશ મ્હેં તેને ઘણો આકર્ષી લીધો છે. તે પોતાની માતાને ઘણી યાદ કરશે નહિ. એને કહીશ કે ‘ ત્હારી મા તો દૂર દેશ દવા કરાવવા ગઇ છે. જલદીથી આરામ થયે ઘેર આવશે. ’ આથી કરીને તે તેની માતાની ઘણી ચિંતા કરશે નહિ. મ્હેં માસિક પાંચ રૂપિયા પગાર દઇને એક દાસીને પણ સેવાની વ્યવસ્થા કરી છે કે જે દાસી સુંદર પા-સેજ રાત્રિ દિવસ રહેશે, હવે બીજી ચિંતા તમારી છે. તમે ભણેલા ગણેલા તથા સર્વ પ્રકારે સમજુ છો. જોકે હું મ્હારા ન્હાના મુખે તમને બોધ આપવાને યોગ્ય તો નથી; પરંતુ પ્રેમવશ એટલું તો કહું છું કે તમે હવે કોઇ પણ પ્રકારે ધૈર્ય ધારણ કરો. તમારા અં-તરના શોકને પરહરો. શ્રી નારાયણની કૃપાથી પુન:પણ સુખના દિવસો આવશે. દશાના ચક્રની ગતિ એવા જ પ્રકારની છે. સુખની પશ્ચાત્ દુ:ખ અને દુ:ખની પશ્ચાત્ સુખ આવ્યા કરે છે. ”

આવા પ્રકારનાં બોધવચનોથી મોહનલાલના આત્માને થોડી ઘણી શાંતિ મળી તેણે કહ્યું;-” બ્હેન ! તું જે કહે છે તે સઘળું સત્ય છે. સુખદુખનું ચક્ર હમ્મેશાં ફર્યાજ કરે છે. આ સંસારમાં સદાસર્વદા

કોઇપણ સુખમાં રહી શકયું નથી. જ્યારે મહારાજ રામચંદ્રજી જેવા મહાત્મા અને મહારાણી સીતા જેવાં ધર્મપરાયણાં સતી દુઃખના પંઝામાંથી બચ્યાં નથી તો આપણું અધમ, પામર પ્રાણિ કોણ માત્ર? તમે હવે મ્હારી ચિંતા કરશો નહિ. હું કોઇપણ પ્રકારે મ્હારા શોકને દૂર કરવાનો યત્ન કરીશ. તમે જ્યાં સુધી અત્રે રહો ત્યાં સુધી માતુશ્રીને પણ ધૈર્ય આપો. તેમને રામાયણ તથા મહાભારતની કથાઓ સંભળાવીને તેમના શોકને નિવૃત્ત કરવાનો ચેષ્ટા કરો."

ઉભય ભાઇ ભગિની શિક્ષિત હતાં, તેથી એક બીજાનાં સમયોચિત વાક્યોથી એક બીજાના શોકને ઘણે અંશે દૂર કરી શાંતિ પ્રાપ્ત કરી શકયાં. મોહનલાલે પણ હવે પોતાની પત્નીનું વિયોગ દુઃખ દૂર કરવાનો અતિ યત્ન કરવા માંડયો. તે હવે રામના વનવાસની અને સીતા વિયોગની વાત રામાયણમાંથી વાંચ્યા કરતો હતો. મહાભારતમાંથી શાંતિપર્વ વાંચતો હતો તથા આવી રીતે પોતાના હૃદયનો શોકભાર ઓછો કરતો હતો; પરંતુ વારંવાર એકાંત મળતાં સુલોચનાના સદ્‌ગુણ, સદ્‌ભાવ અને સાચો સ્નેહ યાદ આવતો હતો. આમ થતાં તેનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવતું હતું.

(૩)

સુલોચનાના પરલોકવાસ પછી એક માસે મોહનલાલની રજાઓ પૂર્ણ થઇ ગઇ, અને તેથી કરીને તે પોતાની ઑફિસમાં જઇને કામ કરવા લાગ્યો. મોહનલાલની બ્હેનનું મન જો કે હવે અહીં લાગતું નહિ તોપણ ભાઇ, ભત્રિજા તથા માતાના સ્નેહને લીધે તે ભાભીના મૃત્યુ પછી પણ ત્રણ માસ સુધી રહી અને જ્યારે ભાઇ તથા માતાને માટે એક પાચિકા (રસોઇયણ) રાખી લીધી અને ઘરની સર્વ વાતોની ઉત્તમ પ્રકારે વ્યવસ્થા કરી નાખી ત્યારે રાજેશ્વરી રૂદન કરતી કરતી

સુંદરને પોતાની સાથે લઇને પોતાના શ્વસુરપક્ષમાં વિદાય થઇ ગઈ. રાજેશ્વરીએ વિદાય થતી વખતે પોતાના ભાઇ તથા માતાને કહ્યું હતું કે:—"હવેની વખતે તો હું જેમ બને તેમ જલદીથી પાછી આવીશ અને પછીથી છ છ મહિને એક એક મહિનો અત્રે રહી જઇશ." રાજેશ્વરી જાણતી હતી કે ગૃહિણી સિવાય ગૃહની વ્યવસ્થા ઉત્તમ પ્રકારે રહેતી નથી તેથી તેણે વિદાય થતાં પૂર્વે પોતાની એક ભાભી-દ્વારા મોહનલાલને કોઇ મ્હોટી ઉંમરની કન્યા સાથે વિવાહ કરવાનું કહેવડાવ્યું, પરંતુ મોહનલાલે વિવાહ કરવાની સ્પષ્ટ રીતે ના પાડી તેણે ઉત્તરમાં કહ્યું કે;—"મ્હારા ભાગ્યમાં સંસારસુખ ભોગવવાનું નિર્માણ થયું હોત તો પછી સુંદરની માતાનો પરલોકવાસ શા માટે થાત? હવે મ્હને એના જેવી ગૃહલક્ષ્મી મળનાર નથી, અને સંસારસુખની પ્રાપ્તિ થનાર નથી. વળી પુનર્વિવાહ કરવાનું મુખ્ય કારણ તો વંશરક્ષા છે અને ઇશ્વરની કૃપાથી સુંદર જેવા પુત્રની મ્હને પ્રાપ્તિ થઇ છે તો પછી મ્હારે શા માટે પુનર્વિવાહ કરવો? હવે તો શ્રી નારાયણની ઇચ્છા હશે તો સુંદરને જ ભણાવી. ગણાવી તેનો કોઈ સારી કુમારિકા સાથે વિવાહ કરીશ."

રાજેશ્વરી આ સર્વ વચનો કમાડની પાછળથી છુપાઇને ઉભી ઉભી સાંભળી રહી હતી. તેણે ભાઇનાં ગંભીરતાપૂર્ણ વચનોથી જાણી લીધું હતું કે ભાઇ હાલ તુરત વિવાહ કરનાર નથી; આથી કરીને જ તેણે છ છ મહિને એક મહિનો પિયરમાં આવી સર્વ વાતોની વ્યવસ્થા કરવાનો વિચાર અર્દ્ધનિશ્ચિત કર્યો હતો. તેણે એવો પણ વિચાર કર્યો હતો કે છ છ મહિનાને અંતરે સુંદર થોડો સમય પોતાની દાદી તથા પિતા પાસે રહી જશે તો તેના આત્માને પણ શાંતિ મળ્યા કરશે.

(૪)

મોહનલાલને ત્યાં જે વ્યવસ્થા તેની ભાગિની રાજેશ્વરી કરી ગઇ હતી તેવી વ્યવસ્થા થોડા દિવસ સુધી તો ચાલ્યા કરી, પરંતુ થોડા દિવસ પછી તેની વૃદ્ધ માતાને માથેજ રસોઇ કરવાનો ભાર આવી પડયો; તેનાં નેત્રોએ સારી રીતે દેખાતું નહોતું તેથી રસોઇ કાચી પાકી થતી હતી અને આમ થવાથી વૃદ્ધ વારંવાર પોતાની પુત્રવધૂને યાદ કરી રૂદન કર્યા કરતી હતી મોહનલાલથી પણ પોતાની માતાની દુઃખદા વસ્થાનું દર્શન કરી શકાતું નહોતું; તેણે વિચાર્યું કે હવે તો વિવાહ કરવોજ જોઇએ હવે મોહનલાલ પોતાની જાતેજ રસોઇ કરતો હતો. તેણે કોઇપણ દિવસે રસોઇ બનાવેલી નહિ હોવાથી રસોઇ જોઇએ એવી સારી થઇ શકતી નહોતી. પહેલાં જે રસોઇયણ રાખી હતી તે હમ્મેશાં તેને રસોઇ બનાવવાને જે સામગ્રી આપવામાં આવતી હતી તેમાંથી અડધી સામગ્રી ચોરી કરીને પોતાને ઘેર લઇ જતી હતી; અર્થાત્ બે મહિના માટે રસોઇ કરવાને જે સામગ્રી મંગાવવામાં આવતી હતી તે સઘળી માત્ર એક મહિનામાંજ ખલાસ થઇ જતી. મોહનલાલ સવારે ભોજન કરી કચેરીમાં નોકરી ઉપર ચાલ્યો જતો હતો તથા તેની માતાને ઘણું થોડું દેખાતું હતું તેથી રસોઇયણ હમ્મેશાં પાંચ છ આનાનો સામાન છુપાવીને પોતાને ત્યાં લઇ જતી હતી. મોહનલાલની જાણમાં આ વાત આવી તોપણ બીજી રસોઇયણ ન મળી ત્યાં સુધી તો તે શાંતજ રહ્યો. આ સમય દરમ્યાન મોહનલાલે એક નવો કહારનો છોકરો નોકર રાખ્યો હતો. તે ઘરમાં સર્વ સ્થળે જતો આવતો હતો. મોહનલાલે ત્રીજી તારીખે જ્યારે પોતાના પગારના રૂપિયા ઘેર લાવી પેટીમાં મૂક્યા ત્યારે એ છોકરાએ આ વિષય પ્રત્યે વિશેષ લક્ષ આપ્યું. પછીથી એ છોકરાએ એમ

પણ જાણી લીધું કે મોહનલાલ ચાવીઓનું ઝુમખું પોતાના ખિસ્સામાંજ રાખે છે. એક દિવસે મોહનલાલ કચેરીમાં ઘણું કામ કરવું પડેલું હોવાથી ઘેર આવીને આઠ વાગેજ સૂઈ ગયો હતો. તેણે પોતાનાં કપડાં પાસેજ એક ખુરસી ઉપર મૂક્યાં હતાં. એ છોકરાએ ચુપકીથી વેસ્ટકોટ (જાકીટ) ના ખિસ્સામાંથી ચાવીઓનું ઝુમખું કાઢીને જે પેટીમાં રૂમાલથી બાંધીને રૂપિયા મૂકવામાં આવ્યા હતા તે પેટી ઉઘાડી, તથા રૂમાલ સાથે રૂપિયા કાઢી લઇને પેટી બંધ કરી દીધી. પછી ચાવીઓના ઝુમખાને પુનઃ વેસ્ટકોટના ખિસ્સામાં મૂકી દઇને રૂપિયાના રૂમાલને બહારની અડાલીના એક તાકામાં મૂકી વાસણો અજવાળવાના કાર્યમાં પ્રવૃત્ત થઈ ગયો. ૯ાા વાગે જ્યારે મોહનલાલની આંખો ઉઘડી ત્યારે તેણે તે છોકરાને બૂમ મારી અને પ્રશ્ન કર્યો કે:—" હજુ સુધી પીવાનું દૂધ કેમ નથી લાવ્યો? "

છોકરાએ ઉત્તર આપ્યો:—" લાવું છું શેઠજી ! વાસણો અજવાળી રહ્યો છું. દૂધ પણ ઠંડુ થવા આવ્યું છે. "

થોડાજ સમયમાં મોહનલાલને દૂધ પાઇ, હુકકો ભરી આપી એ છોકરો મોહનલાલની રજા લઇ પોતાને ઘેર ચાલ્યો ગયો તથા જતી વખતે અડાળીની અંદર તાકામાં છુપાવેલા રૂપિયા બાંધેલા રૂમાલ સાથે લઇને ચાલતો થયો. મોહનલાલ હુકકો પી રહયા પછી અડાળીનાં બારણાં બંધ કરી પાછો સૂઈ ગયો.

સ્હવારે હંમેશાંના વખત પ્રમાણે એ છોકરો મોહનલાલને ત્યાં આવી કામકાજ કરવા લાગ્યો. મોહનલાલ નિત્ય નિયમ પ્રમાણે ૯ વાગે ભોજન કરી કચેરીમાં ચાલ્યો ગયો; સંધ્યાકાળે કચેરીએથી ઘેર આવ્યાને મોહનલાલને માત્ર અડધોકલાક થયો હશે એવા સમયે એ

છોકરાએ તેને કહ્યું:—" શેઠજી ! આજે મ્હારા ઘરમાં ચોખા નથી માટે પગાર આપો તો ઘણું સારૂં."

મોહનલાલ આ છોકરાની ચતુરાઇથી તથા તેની ત્વરાથી કાર્ય કરવાની ટેવથી તેના ઉપર અતિ પ્રસન્ન હતો. તરતજ તેણે પોતાની સિલ્લકની પેટી ઉઘાડી પરંતુ અંદર જે રૂમાલમાં રૂપિયા બાંધેલા હતા તે રૂમાલ નજરે નહિ પડવાથી તે ઘણો વિસ્મિત થયો. તેણે સિલ્લકની પેટીમાં પડેલી સઘળી વસ્તુઓ બહાર કાઢી તપાસ કરી; પરંતુ એ રૂમાલ તથા રૂપિયાનો પત્તો લાગ્યો નહિ. આખા મહિનાનો પગાર ૮૦ રૂપિયા એમાં બાંધેલા હતા. છેવટે તે મહાદુઃખથી પેટી બંધ કરી પેલા છોકરા પાસે ગયો તથા છોકરાને કહ્યું કે:—" તને આવતી કાલે ત્હારો પગાર મળશે."

ત્યાર પછી મોહનલાલે રૂપિયા કોણે લીધા હશે એ સંબંધી વિચાર કર્યો. છેવટે તેણે એવો નિશ્ચય કર્યો કે:—"એ સઘળા રૂપિયા રસોઇયણેજ ચોરી લીધા હશે, કારણ કે પહેલાં ભોજન સામગ્રી પણ તે ચોરી જતી હતી. આ સિલ્લકની પેટીની બીજી ચાવી લાવ્યા વિના એનું તાળું ઉઘડી શકે એવું નથી; અને આ ન્હાનો છોકરો કોઇ પણ સ્થળેથી બીજી ચાવી લાવી શકે એ સર્વથા અસંભવિત છે; વળી જો એ છોકરોજ રૂપિયા લઇ ગયો હોય તો પછી ચોખા ખરીદવાને માટે એ પોતાના પગારની માગણી શા માટે કરે ?" છેવટે મોહનલાલે એવો નિશ્ચય કર્યો કે રસોઇયણેજ રૂપિયા લીધા છે; અને આવો નિશ્ચય થવાથી તેણે રસોઇયણને નોકરી ઉપર દૂર કરવાનું વિચાર્યું. તરતજ તેણે રસોઇયણને બોલાવીને કહી દીધું કે;—"જ્યારથી તું રસોઈ બનાવવાને આવી છે ત્યારથી અમારી ઘણી વસ્તુઓ

ચોરાઇ જવા લાગી છે, તેથી હવે મ્હારો તને નોકરી ઉપર રાખ્વા-વાનો વિચાર નથી. ત્હારો પગાર એક માસને ચાર દિવસનો ચઢયો છે તે ત્હારે ઘેર મોકલી આપવામાં આવશે. ”

રસોયણું તરતજ પોતાને ત્યાં ચાલી ગઈ. તે કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય ચાલી ગઇ તેથી મોહનલાલનો સંશય ઘણો વધી પડયો. બીજી બાજુએ પેલી રસોઇયણે પોતાની ઓળખીતી સર્વે રસોઇયણોને સૂચવી દીધુ કેઃ—“ મોહનલાલે વિના કારણ મ્હારા ઉપર ચોરીનો અપરાધ મૂકી મને નોકરી ઉપરથી દૂર કરી છે; એ-ટલુંજ નહિ પરંતુ મને મ્હારો પગાર સુદ્ધાં આપ્યો નથી, માટે કોઇ તેમને ત્યાં નોકરીએ રહેશો નહિ, એવી હું તમને એક બ્હેન તરીકે સાચીસલાહ આપું છું. ”

ઉપર પ્રમાણે પ્રકાર બનવાથી મોહનલાલની માતાને તથા તેને પોતાને રસોઇ બનાવવી પડતી હતી તથા જે કાચું-પાકું ભોજન તૈયાર થતું તેનો અહાર કરવો પડતો હતો. આ સમયે મોહનલાલને પોતાની પત્ની ઘણી યાદ આવતી હતી. એક દિવસે મોહનલાલ રસોઇ બનાવતો હતો એવામાં એકાએક એક સ્ત્રીએ આવી મોહ-નલાલને કહ્યુંઃ–“ રસોઇ બનાવવાને માટે તમે આટલી બધી અડચણ શા માટે વેઠો છો ? હજુ તો તમે જુવાન છો. આ ફાગણ માસ-માંજ પુનર્વિવાહ કરી નાખો. મ્હારી એક ૧૪ વર્ષની ઉમરની ભત્રિજી છે. દેખાવમાં પણ ઘણી સુંદર છે. ”

આ સ્ત્રીની આજકાલ ઘણી ખરાબ સ્થિતિ હતી તેથી તેણે વિચા-ર્યું હતું કે;–“ ભત્રિજી સાથે મોહનલાલનો વિવાહ થયાથી મોહન-લાલની સહાયદ્વારા પોતાનું જીવન પણ સુખમાં જશે. ” આમ

હોવાથી તેણે તેજ દિવસે પોતાના ભાઇને પોસ્ટમાર્ગે એક પત્ર લખ્યો. પત્રમાં લખ્યું હતું કેઃ–" આવો વર દુલારીને સાત જન્મમાં પણ મળી શકે એમ નથી. વરને માસિક ૧૦૦ રૂપિયાનો પગાર મળે છે, એટલુંજ નહિ પરંતુ તે હજુ યુવાન છે,"

આજકાલ સાધારણ ગૃહસ્થોમાં ૧૦૦ રૂપિયાની નોકરી પ્રતિષ્ઠા-વાળી ધારવામાં આવે છે. દુલારીનાં માબાપોએ વિચાર્યું કેઃ–"જ્યારે પાત્રને અત્યારેજ ૧૦૦ રૂપિયાનો માસિક પગાર મળે છે તો પછી જલદીથી એ માસિક ૨૦૦-૨૫૦ અને પછીથી ૫૦૦ રૂપિયાનો પગાર પ્રાપ્ત કરશે. આવો વર દુલારી માટે મળે છે એતો દુલારીનું અને આપણું મહાભાગ્યજ સમજવું જોઇએ."

પત્રમાં લખેલું હતું કેઃ–" વિવાહ ફાગણ માસ સુધીમાં કરવો પડશે, ખર્ચનો એકપણ પૈસો થનાર નથી."

આ કરતાં વિશેષ દુલારીનાં માબાપને બીજું શું જોઇએ ? વળી દુલારીની ઉંમર ૧૪ વર્ષની થઇ ગયેલી હોવાથી તેનાં માબાપ તેનો જલદી વિવાહ કરી નાખવાની ચિંતામાં હતાં. ઘણું કરીને હિંદુ બાળિકાઓનો વિવાહ તેમની માત્ર ૧૦ વર્ષની ઉમ્મર થતાં સુધીમાં તો કરી દેવામાં આવે છે; છતાં દુલારી ૧૪ વર્ષની થયા છતાં તેનો વિવાહ સત્પાત્રના અભાવે થયો નહોતો. આ વાતની તેનાં માતપિ-તાને પણ ઘણી ફિકર થયા કરતી હતી. દુલારીના પિતાએ પોતાની ભગિનીનો પત્ર મળતાંજ તથા પોતાની પત્નીની સંમતિ મળતાંજ ગોરને બોલાવી તેને વરઘરની તપાસ કરી આવવા અને જન્મપત્રિકા લઇ આવવા મોકલ્યો. ગોર પ્રથમ દુલારીની ફોઇ પાસે ગયો; ફોઇએ ગોરને સઘળી હકીકત સમજાવી દીધી તથા તેણે મોહનલાલને પણ

ગોરની સારી વ્યવસ્થા કરવાનું તથા વિદાય થતી વખતે પાંચ રૂપિયા આપવાનું સમજાવી દીધું હતું. રાત્રે ગોરમહારાજે પૂરી, કચોરી તથા અનેક પ્રકારની મિઠાઇથી પોતાના ઉદરને તૃપ્ત કર્યું. શાકપાનનો સ્વાદ પણ ગોરમહારાજની જીભે રહી ગયો. મોહનલાલે કન્યાના સંબંધમાં ગોરમહારાજને કેટલીક હકીકત પૂછી તો તેણે ઉત્તરમાં જણાવ્યું કેઃ–" અરે, કન્યા સાક્ષાત લક્ષ્મીસ્વરૂપ છે. એના જેવી ચતુર તથા સ્વરૂપવતી સુકુમાર કન્યા આપને એક પણ મળી શકવી દુર્લભ છે. આવતાંની સાથેજ તે ઘરને સંભળી લેશે. "

મોહનલાલ ગોરના શબ્દો શ્રવણ કરી ઘણો પ્રસન્ન થયો તેણે ગોરને કહ્યુંઃ–" જેમ બને તેમ જલદીથી વિવાહ કરી દેવાનું સૂચવજો; તમને પણ વિવાહ પ્રસંગે રાજી કરવામાં આવશે. "

ગોરમહારાજ ઉત્તમ પ્રકારના સ્વાદિષ્ટ ભોજનનો આહાર કરી, મોહનલાલના અતિસુંદર દિવાનખાનમાં પાનસોપારી આરોગી પાંચ રૂપિયા વિદાયગિરી લઇ ઘણા સંતુષ્ટ થઈ ગયા હતા. તેમણે જતી વખતે જન્મપત્રિકા લઇ લીધી અને વિવાહ થવાનું લગભગ નક્કી જેવુંજ થઇ ગયું. ગોરે દુલારીને ત્યાં જઇને તેની માતા આગળ મોહનલાલના વૈભવની, તેના સુખની એટલી બધી પ્રશંસા કરી કે તે ત્વરાથી વિવાહ કરવાને રાજી થઇ ગઈ. ગોરે એટલે સુધી કહ્યું કેઃ–"એમને ત્યાં તો ઘણી કન્યાનાં માબાપો તરફથી માગાં આવે છે; પરંતુ તેઓ શાણી, સદ્‌ગુણી અને સ્વરૂપવતી કન્યા શોધે છે. આઠ દિવસમાં જો વિવાહનો પત્ર લખી મોકલશે તો બધું નક્કી થઈ જશે. "

આ સમયે દુલારીના પિતા પણ ત્યાં આગળ આવી પહોંચ્યા. દુલારીની માતાએ ગોરે પોતાને કહેલી સઘળી વાત ઘણા હર્ષથી

પોતાના પતિને કહી સંભળાવી. ઉભય પતિ પત્ની સંમત થયાથી ગોરને જન્મપત્રિકા જોવાનુ કહ્યું. ગોરને પ્રથમથી મોહનલાલે લોભ દર્શાવ્યો હતો તેથી અષ્ટમપટ્ટમ ચલાવી વરકન્યાનું મિલન ઉત્તમ છે એમ સમજાવી દીધું, તથા જણાવ્યું કેઃ—આવો ઉત્તમ સંબંધ ભાગ્ય વિના સંધાવો સર્વથા અશક્ય છે. વરકન્યા બન્નેને આ સંબંધથી ઘણું સુખ પ્રાપ્ત થશે. બધી રાશીઓ ઉત્તમ પ્રકારે મળતી આવે છે. દુલારીનું ભાગ્ય ઘણું સારૂં છે એમ સમજવું જોઇએ. વરની જન્મપત્રિકા ઉપરથી તો એમ સ્પષ્ટ માલૂમ પડી આવે છે કે તેના ભાગ્યમાં વિદ્યા તથા લક્ષ્મીનો સારો યોગ છે. વળી તે ગુણવાન હોવાથી દુલારીને ઘણી સુખી કરશે એ નિસ્સંદેહ છે. ખાનપાન તથા વસ્ત્રાદિની કોઈ પણ પ્રકારે અડચણ રહેશે નહિ. ચિરકાળ સુધી સૌભાગ્યવતી રહેશે. આથી વિશેષ આપણી દુલારી માટે શું જોઇએ?"

બીજેજ દિવસે દુલારીના પિતા માધવપ્રસાદે વિવાહનો પત્ર લખી તૈયાર કર્યો અને ફાગણ માસની શુકલપક્ષની બીજનો દિવસ વિવાહ મુહૂર્ત તરીકે નક્કી કરી નાખવામાં આવ્યો. ગોર પ્રસન્ન ચિત્તે વિવાહનો પત્ર લઈને મોહનલાલ પાસે ગયો. તેણે આઠમે દિવસે વિવાહનો પત્ર લઇને આવવાનું નક્કી કર્યું હતું; પરંતુ આઠમે દિવસે ગોર આવી પહોંચ્યો નહિ તેથી તેને ઘણી ફિકર થવા લાગી. સમગ્ર રાત્રિ તેણે દુલારીનાંજ સ્વપ્નો જોયાં. અત્યાર સુધી તેને પોતાની પ્રથમ પત્ની યાદ આવ્યા કરતી હતી; પરંતુ આજે તેણે સ્વપ્ન સૃષ્ટિમાં દુલારીને અતિસુંદર સ્વરૂપા જોઇ. સ્વપ્નમાં તેનું દર્શન થતાંજ મોહનલાલ તેના ઉપર મોહિત બની ગયો. આ સ્વપ્નનું શુભ પરિણામ આવશે અર્થાત્ ગોર હવે એકાદ બે દિવસમાં આવી પહોંચશે એમ તેને લાગ્યું. જે દિવસે આવા પ્રકારનાં સ્વપ્નો આવ્યાં તેને

બીજેજ દિવસે ત્રણુ વાગ્યે ગોર આવી પહોંચ્યો. મોહનલાલ કચેરીમાં ગયો ત્યારે બુદ્ધિ વાપરી તે પોતાના એક વડિલ કાકાને પોતાના દિવાનખાનામાં બેસાડી ગયો હતો તથા જો કોઇ આવે તો તેને માનસહિત બેસાડજો અને તરત મને બોલાવવાને માણસ મોકલજો એમ સૂચવી ગયો હતો. જ્યારે કચેરીમાં માણસદ્વારા ગોર આવી પહોંચ્યાની મોહનલાલને ખબર મળી ત્યારે તેણે વિચાર્યું કે;–" ગોર અવશ્ય વિવાહનો પત્ર લઇનેજ આવ્યો હશે. "

મોહનલાલ ત્વરાથી કચેરીનું કામ પુરૂં કરી નાખી ઘેર આવી પહોંચ્યો તથા ગોરને જોતાંજ ઘણો ખુશી થયો. આ સમયે ગોરની પ્રથમ કરતાં પણ સારી સંભાળ લેવામાં આવી, તથા તેને વિદાય થતી વખતે ૧૦ રૂપિયા આપ્યા. જતી વખતે ગોર એમ પણ કહી ગયો કે:—" મ્હારા યજમાનની સ્થિતિ પ્રથમ તો ઘણી સારી હતી. પરંતુ હાલમાં કેટલાંક વર્ષોથી તેમની સ્થિતિ બગડી ગઇ છે તેથી જાન થોડી લાવજો; વળી તે પોતાની કન્યા સિવાય બીજું કાંઈ તમને આપી શકવાને સમર્થ નથી. "

મોહનલાલે કહ્યું;-" તમે તેમને એમ કહેજો કે મ્હારે એક પણ પૈસો જોઇતો નથી, માત્ર કન્યાનીજ જરૂર છે. જાનમાં પચીસ માણસોથી વધારે માણુસો નહિ આવે. "

જ્યારે ગોરે માધવપ્રસાદ પાસે જઇને ઉપર પ્રમાણે હકીકત નિવેદન કરી તો તે ઘણો પ્રસન્ન થયો, તથા ગોરની ચતુરાઇની પ્રશંસા કરતાં તેણે કહ્યું કે;–" તમે જે વ્યવસ્થા અત્યારથી કરી નાખી છે તથા સ્પષ્ટ વાત કહી દીધી છે તેથી હું તમારા ઉપર ઘણો ખુશી થાઉં છું. "

લગ્નને માત્ર આઠજ દિવસ બાકી રહ્યા એટલે મોહનલાલના ઘરમાં મોટો આનંદોત્સવ મનાવા લાગ્યો, તથા એ દિવસથી હમ્મેશાં રાત્રે મંગળ ગીતો ગવાવા લાગયાં હવે મોહનલાલે પોતાની બ્હેનને તથા બનેવી વિવાહના સમાચાર કહેવરાવી તેડાવ્યાં. ભાઇના વિવાહના સમાચાર જાણવામાં આવતાંજ રાજેશ્વરીને અપૂર્વ આનંદ થયો. તે પોતાના પતિ તથા ભત્રિજા સાથે વિના વિલંબે ભાઈને ત્યાં આવી પહોંચી. તેમની સાથે એક નોકર અને એક દાસી પણ આવ્યાં. રાજેશ્વરી પોતાની નવી ભાભીને મુખદર્શનમાં આપવાને ૫૦ રૂપિયાનાં આભુષણો પણ તૈયાર કરાવી પોતાની સાથે લેતી આવી. મોહનલાલનો પોતાની ભત્રિજીનો વિવાહ જેણે ઠરાવી આપ્યો હતો તે પણ પોતાને આમંત્રણ આવવાથી પોતાનાભાઇ માધવપ્રસાદ પાસે ગઇ. તેના જતાં પૂર્વે મોહનલાલ તેને ૫૦ રૂપિયા એમ કહીને આપી આવ્યો હતો કે:—" તમે તમારી ભત્રિજાના વિવાહમાં જાઓછો તેથી તમારે ત્યાં આગળ કાંઇ ખર્ચ કરવું પડશે માટે આ ૫૦ રૂપિયા ખર્ચ માટે લઈ જાઓ."

૫૦ રૂપિયા લઇ મનમાં તો ઘણો આનંદ પામી, પરંતુ ઉપર ઉપરથી તે આનાકાની કર્યા સિવાય રહી નહિ.

વિવાહને આગલે દિવસે મોહનલાલને ત્યાં ઘણી ધામધુમ મચી રહી, ઇષ્ટ મિત્રો તથા સગાં વ્હાલાંને ઉત્તમ પ્રકારનું ભોજન કરાવી તૃપ્ત કરવામાં આવ્યાં.

જે સમયે મોહનલાલ વરરાજા બનીને જવા લાગ્યો ત્યારે તેના પાંચ વર્ષના પુત્રે પોતાની ફોઇને પ્રશ્ન કર્યો કે;–" ફોઇ ! મ્હારા પિતાશ્રી ક્યાં જાય છે ? "

ફોઇએ પ્રસન્ન થઇને ઉત્તર આપ્યો:–"ત્હારી માતાને લેવા જાય છે"

આ ઉત્તર સાંભળતાંજ બાળક સુંદરના હર્ષની સીમા રહી નહિ તેણે સહર્ષ પ્રશ્ન કર્યો કે:–" માતા ક્યારે આવશે ? "

રાજેશ્વરીએ ઉત્તર આપ્યો:–" માત્ર ત્રણજ દિવસમાં. "

ત્રીજે દિવસે જાન પાછી આવી પહોંચી, તથા નવવધૂ પણ ઘરમાં આવી પહોંચી એટલે સુંદર દોડતો દોડતો જઇને તેના ખોળામાં બેઠો; ચંચળ સ્વભાવવાળી અજ્ઞાન વિમાતાએ પોતાના ખોળામાંથી સુંદરને ઉઠાડી મૂક્યો. સુંદર રૂદન કરતો કરતો પોતાની ફોઇ પાસે ગયો અને કહ્યું;– " ફોઇ મ્હારી માતાએ મને ખોળામાંથી ઉઠાડી મૂક્યો.

રાજેશ્વરી પુત્ર તુલ્ય પ્રિય ભત્રિજાના શબ્દો સાંભળી આભી બની ગઇ, તેનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું પરંતુ તેણે તરત વિચાર્યું કે આવા શુભ સમયે આંસુ સારવાં અનુચિત છે. આમ વિચારી તેણે ચક્ષુજળ સાફ કરીનાખ્યું, તથા સુંદરને જુદી જુદી વાતોથી આનંદ પમાડીને અને લાડવો ખાવાને આપીને તેને રમવા મોકલી દીધો.

સઘળાં જરૂરી કાર્યો કરી પરવારી નિશ્ચિંત રીતે બપોરના સમયે રાજેશ્વરી પોતાની ભાભી પાસે ગઇ. દુલારી ખાઇપીને સુઇ ગઇ હતી, તથા આ સમયે પોતે જાગ્રત થયેલી હોવા છતાં અને પોતાની નણંદ પાસે આવેલી હોવા છતાં પણ તે પલંગ ઉપરથી ઉઠીને બેઠી થઇ નહિ. રાજેશ્વરીની પાસેજ એક વૃદ્ધા દાસી ઉભી હતી. તેને નવી વહુની આવા પ્રકારની રીત યોગ્ય લાગી નહિ તેથી તેણે કહ્યું " વહુજી! આ તમારાં નણંદ છે; ઉઠીને બેઠાં થાઓ. "

દુલારીએ વૃદ્ધા દાસીની વાત તરફ બિલકુલ લક્ષ્ય આપ્યું નહિ તે પુનઃપાસું ફેરવીને સુઇ ગઇ, તથા તેણે રાજેશ્વરીના તરફ પીઠ કરી. થોડા

સમય સુધી તો રાજેશ્વરી ચૂપચાપ બેસી રહી તથા છેવટે પોતાના માથાપર હાથ ઠોકી ત્યાંથી ચાલી ગઇ તે હવે સારી રીતે સમજી ગઇ કેઃ-" આ નવાં ભાભીજી; મ્હારી માતા, ભત્રિજો તથા ભાઇ કોઇને પણ સુખી કરી શકનાર નથી."

વિવાહ થઇ ગયા પછી રાજેશ્વરી આઠ દિવસ સુધી ભાઇને ત્યાં રહી તથા તેણે આ આઠ દિવસમાં નવા ભાભીને ઘણું સમજાવ્યાં; પરંતુ એ બધું મીથ્યા થઇ પડયું. નવવધુ ઉપર તેનો લેશ પણ પ્રભાવ પડયો નહિ, મોહનલાલનું આ વખતે પોતાની નવવધુના ગુણ અવગુણ તરફ બિલકુલ લક્ષ્ય નહોતું. તેતો તેની યુવાવસ્થા અને તેના સુંદર સ્વરૂપનું દર્શન કરી મોહિત બની ગયો હતો. નવવધુને પ્રાપ્ત થવાથી તેને અપૂર્વ આનંદ થયો હતો.

રાજેશ્વરી પોતાના ભત્રિજા સુંદરને સાથે લઇને તથા વૃદ્ધા માતાને તેના ભાગ્ય ઉપર મૂકીને ચાલી ગઇ. રાજેશ્વરી સમજી ગઈ હતી કે "વહુની સમક્ષ બાઈ રસોઇ બનાવશે નહિ તથા વહુને રસોઈ બનાવતાં આવડતી નથી; આથી કરીને મ્હારી માતાનેજ બિચારીને રસોઈ બનાવવી પડશે. આ કારણને લીધે ઘણી શોધ કરીને એક વૃદ્ધા બ્રાહ્મણીને ભાઇની અનુમતિથી ભોજન બનાવવાના કામ ઉપર નિમવામાં આવી."

રાજેશ્વરી પોતાના પતિને ત્યાં જઇને પુનઃઅપૂર્વ પ્રેમથી સુંદરનું પ્રતિપાલન કરવા લાગી. એક દિવસે સુંદર પોતાની ફોઇના ખોળામાં પડયો પડયો ફોઈ પાસે વાત કહેવડાવતો હતો. એટલામાંજ તેનો પતિ ત્યાં આવી પહોંચ્યો. તેને જોતાંજ રાજેશ્વરી ઉઠી જવા લાગી. સુંદરે તેને નહિ ઉઠવાનો આગ્રહ કર્યો. જમનાપ્રસાદે એ સંબંધમાં કોઇ પણ પ્રકારે અડચણ કરી નહિ. તે પણ પાસેજ પડેલા એક

પલંગપર બેસી રાજેશ્વરીને તેની નવી ભાભીના સમાચાર પૂછ્યા. રાજેશ્વરીએ ઉત્તર આપ્યો કે;–"હજુ તેની ઉંમર ઘણી નાની છે તેથી અત્યારથી તેના સંબંધી કોઇ પણ પ્રકારનો મત બાંધી શકાતો નથી."

જમનાપ્રસાદે પ્રશ્ન કર્યો:-- એ ત્હારી પહેલી ભાભીના જેવી હશે? રાજેશ્વરીએ ઉત્તર આપ્યો એના જેવી દેવી સમાન સ્ત્રી હવે ક્યાંથી મળી શકે? હજુ સુધી સુંદર ફોઇને વાત કહેવાનો આગ્રહ કર્યા કરતો હતો; પરંતુ તેની ફોઇ પતિની હાજરીના લીધે વાત કહેવામાં સંકોચાતી હતી. પતિની પણ આજ્ઞા થવાથી નિરૂપાયે શરમાતાં શરમાતાં રાજેશ્વરીએ રામાયણની એક કથા વાર્તાની માફક કહેવાનું શરૂ કર્યું. વાર્તા સાંભળતાં સાંભળતાંજ સુંદર નિદ્રધીન થઇ ગયો.

મોહનલાલની નવવધૂ દુલારી તેનાં માત પિતાને એકનીએક પુત્રી હતી દુલારીની પહેલાં તેમને ત્રણ બાળકોની પ્રાપ્તિ થઈ હતી પરંતુ એ બધાં બાલ્યાવસ્થામાં આ લોકની યાત્રા પૂર્ણ કરી પરલોક પ્રયાણ કરી ગયાં હતાં. દુલારીને પાછળ સાત વર્ષ સુધી બીજું એકપણ બાળક થયું નહી. દૈવયોગથી સાત વર્ષ પછીથી એક પુત્ર થયો. આમ હોવાથી દુલારી પોતાનાં માતા પિતાની લાડકવાઇ કન્યા હતી. ખાસ કરીને હિંદુઓને ત્યાં બાળકીઓનું પ્રતિપાલન સારી રીતે અને સાવધાનતાથી કરવામાં આવતું નથી; પરંતુ દુલારીનું પ્રતિપાલન તો તેનાં માત પિતાએ પુત્રના કરતાં પણ વિશેષ હેત પ્રેમથી કર્યું હતું. દુલારી પોતાની બાલ્યાવસ્થામાં ઘણી રોગગ્રસ્ત રહેતી હતી તથા કેટલીક વખતે તો મરતી મરતી બચી હતી. પરંતુ સાત વર્ષની ઉંમર પછી તે હમ્મેશાં આરોગ્ય રહી. આમ છતાં ૧૪ વર્ષની ઉંમરમાં વિવાહ થતાં સુધીમાં ઘર સંસારનું કોઇપણ કાર્ય તેને શીખ-

ત્રવામાં આવ્યું નહિ. તે ભોજન કરવાનું જાણતી ન હોતી તેમજ સીવવા ગુંથવાનું પણ જાણતી નહોતી. સાત આઠ વર્ષની ઉમ્મર થતાં સુધીતો તે છોકરાઓની માફક પહેરણ ટોપી અને ધોતી પહેરતી હતી. એવી અવસ્થામાં જો કોઇ અજાણ્યું માણસ તેને જોતું તો તેને છોકરો ધારતું હતું. દુલારીની બોલચાલ પણ છોકરાઓના જેવીજ હતી. પછીથી આઠ નવ વર્ષની ઉંમરે બાળકીના વસ્ત્રાભુષણ તેના શરીર ઉપર દેખાવા લાગ્યાં પરંતુ આટલી ઉમ્મરે પણ તેનો સ્વભાવ અસાધારણ ભોળો હતો. જ્યારે તેની નવ વર્ષ ઉંમરની હતી ત્યારે એક સમયે તેની માતાને પાડોસમાં રહેલી એક વૃધ્ધા સ્ત્રીએ કહ્યું;–" બ્હેન ! એ ત્રણ વર્ષમાં દુલારીનો વિવાહ કરી નાખવો પડશે, તથા તેને બીજાને ત્યાં જઇ ઘરનું સકળ કામકાજ કરવું પડશે, છતાં તમે તેને હજુ કાંઇ શીખવાડયુંજ નથી. એની પાસે હવે ઘરનું સઘળું કામકાજ કરાવો તથા સર્વ વાતે ચાલાક બનાવો. "

વૃદ્ધાએ ઉપરનાં વચનો પ્રેમદષ્ટિથી કહ્યાં હતાં; પરંતુ દુલારીની માતાએ એ વચનો તરફ લેશ માત્રપણ લક્ષ્ય આપ્યું નહિ. દુલારીએ ઘેર આવીને પ્રશ્ન કર્યો;—" મા શું તું મને આપણે ઘેરથી કાઢી મૂકીશ ? જો એમ થશે તો પછી હું કયાં જઇશ ? " દુલારીએ જો કે આ શબ્દો ભોળપણમાં બોલી હતી છતાં એ સાંભળતાંજ તેની માતાનાં નેત્રોમાંથી આંસુઓ ઉભરાઇ જવા લાગ્યાં. દુલારી માતાને રૂદન કરતી જોઇને વિશેષ ચિંતાતુર બનીગઇ, તથા માતાના કંઠને વળગી પડીને તે પણ રૂદન કરવા લાગી.

દુલારીની માતા વિચાર કરવા લાગી;–" આજકાલ ૧૦-૧૧ વર્ષની બાલિકાઓ તો સાસરે જતી આવતી થઇ જાય છે, પરંતુ મ્હારી

દુલારી આટલી ઉમરમાં મને તો માત્ર ૫ વર્ષની બાળિકા સમાન ભોળી જણાય છે. જો તેના દુર્ભાગ્યે કદાચ તેને કોઈ કુલટા કર્કશા સાસુ મળી તો પછી તેની શી સ્થિતિ થશે ? તેની ૧૨ વર્ષની ઉમ્મર થઈ છે છતાં હજુ સુધી તે ઘરકામમાં તદ્દન અજ્ઞાન રહી છે.''

આ સમયે કોકીલા નામની એક ૧૧ વર્ષની કન્યા ત્રણ માસ સાસરે રહીને પુનઃપિયરમાં આવી હતી દુલારીની માતાએ તેને તેની સાસુના સમાચાર પૂછ્યા તો તે કહેવા લાગીઃ-" જે દિવસે સાસરે પહોંચી તેને ત્રીજા દિવસથીજ ઘરકામનો સઘળો ભાર મ્હારે માથે મૂકવામાં આવ્યો. અહીં આગળ થોડું ઘણું કામકાજ કરવાનું તો હું શીખેલી હતી. પરંતુ કોઇ પણ દિવસે વિશેષ કામ કરેલું નહિ હોવાથી ત્યાંનું સઘળું કામ કરતાં કરતાં મ્હારો જીવ નીકળી જતો હતો, ઉન્હાળાના સખ્ત તાપમાં પણ કામનો ભાર ઓછો થાય નહિ; એટલુંજ નહિ પરંતુ જો સોંપવામાં આવેલું કામ સહજ બગડ્યું તો તે મ્હારે એમ સમજવાનું કે આજે સાસુજીનો શિકાર થયા સિવાય છુટકોજ નથી. એ શ્રાવણ મહીના સુધી કર્કશા સાસુનો આવા પ્રકારનો ત્રાસ ભોગવીને છેવટે હું મ્હારો જીવ બચાવી અત્રે આવી છું. હવે ત્રણ વરસ સુધી મને મ્હારી માતા સાસરે મોકલનાર નથી. '' કોકિલાનાં વચનો શ્રવણ કરી દુલારીની માતા ઘણી ચિંતાતુર બની ગઇ તથા આજ દિવસથી તેણે ઘરનું થોડું ઘણું કામકાજ દુલારી પાસે કરાવવાનું વિચાર્યું; પરંતુ દુલારીએ કોઇપણ કાર્ય તરફ લક્ષ્ય આપ્યું નહિ. છેવટે તેની માતાએ પણ **यद् भावि तद् भविष्यति** એ પ્રમાણે વિચારીને દુલારીને કામ કરાવવાનો આગ્રહ કરવાનું છોડી દીધું, કોકીલાનાં વચનોથીજ દુલારીએ એમ ધાર્યું કે, " હિંદુસંસારમાં દરેક સાસુ આવા પ્રકારની કર્કશાજ

હશે અને તેથીં કરીને ' જેવાં થાય એવાં થઇએ તો ગામ વચ્ચે રહીએ. ' એ મહાવાક્ય અનુસાર સાસુજી તરફ તો કઠોર વર્ત્તનજ ચલાવવું જોઇએ. તેમના ઉપર પ્રેમ કરવો એ મૂર્ખાઇ ભરેલું છે; કારણ કે તેમ કરવા જતાં " હલકું લોહી હવાલ- દારનું " એ વાક્ય પ્રમાણે સાસુજી વહુના ઉપર બમણો ત્રાસ વર્ત્તાવ્યા સિવાય રહે નહિ. "

દુલારીના ઉપરના મતમાં તેની કેટલીક અજ્ઞાન સખીઓએ પણ પુષ્ટિ આપી તેથી તેના હૃદયમાંથી સાસુ પ્રત્યેનો પ્રેમ તો તેનો વિવાહ થતાં પૂર્વેજ દૂર થયો હતો. જ્યારે તેનો વિવાહ થયો અને તે સાસરે ગઇ ત્યારે તેની સાસુ તેના તરફ અપૂર્વ પ્રેમ દર્શાવવા લાગી, પરંતુ દુલારીના મનમાંથી પૂર્વનો સાસુ સંબંધી ઉત્પન્ન થયેલો તિરસ્કાર દૂર થયો નહિ. તે પોતાની ઇચ્છાનુસાર વર્ત્તતી હતી અને મરજી પડે તે કરતી હતી. પોતે ઘણોખરો વખત આ- ડોસી પાડોસીની છોકરીએ સાથે બેસીને રમવામાં તથા ગપાટા હાંકવામાં વીતાડતી હતી. આ પ્રમાણે તે એક મહીનો સાસરામાં રહીને પિયર ચાલી ગઇ. પિયરમાં ગયા પછી તેણે પોતાની સાસુની પ્રશંસા કરી નહિ તેમ નિંદા પણ કરી નહિ; આથી કરીને તેની માતા તેની સાસુ સબંધી કાઇપણ પ્રકારની અટકળ બાંધી શકી નહિ.

મોહનલાલ પોતાની નવવધૂને વિવાહ થઇ ગયા પછી જલદીથી પિયરમાં મોકલાવાને ઇચ્છતો નહોતો; પરંતુ ગોરે કહ્યું કે;—"વિવાહ પછી પ્રથમ વખતે કન્યાને તેનાં માબાપ જો સાસરામાં એક માસથી વિશેષ મુક્ત રહેવા દે છે તો તેથી તેમની નિંદા થાય છે. "

ઓરે આ પ્રમાણે કહ્યું એટલે પુનઃજલદીથી મોકલવાનું જણાવી મોહનલાલે પોતાની નવ વધૂને પિયર જવા દીધી. મોહનલાલ એમ ધારતો હતો કે બે ત્રણ માસમાંજ દુલારી પાછી આવી પહોંચશે; પરંતુ તેના માબાપે તેને કાર્તિક માસ સુધી પાછી સાસરે મોકલી નહિ, શ્રાવણ માસમાં દુલારીને પોતાની સાથે તેડી લાવવાની અભિલાષાથી મોહનલાલ સાસરે ગયો હતો પરંતુ દુલારીની માતાએ કહ્યું કે:—" હવે દુલારીને હમ્મેશાં તમારે ત્યાંજ રહેવાનું છે ને ? આવની દીપોત્સવી સુધી અત્ર રહેવા દો, દીપોત્સવી પછી અમે તેને અવશ્ય વળાવીશું "

મોહનલાલે નમ્રતાથી જણાવ્યું;—" મ્હારાં માતાજીથી આંખોએ બરાબર જોઇ શકાતું નથી, તેથી તમારી પુત્રીને કદાચ તમે દીપોત્સવીએ વળાવો તો તેતો જાણે કે ઠીક છે; પરંતુ એ સમય દરમ્યાન તેને રસોઇ બનાવતાં શીખવાડી દોતો ઠીક કારણ રસોયણ મળતી નથી તેથી ઘણી હરકત પડે છે. "

સાસુએ જણાવ્યું;—" હું પણ તે ઘર સંસારનાં સર્વ કાર્યોમાં થઇ માહીતગાર જાય એમ ઇચ્છું છું, છતાં એ બિલકુલ લક્ષ્યજ આપતી નથી. તેના જેટલી ઉંમરની છોકરીઓ સકળ કાર્યોમાં ચતુર છે; પરંતુ એનામાં એટલું બધું ભોળપણ છે કે તે કોઇપણ કામ શીખવા તરફ ધ્યાન આપતી નથી, અને જો કદાપિ કોઇ કામ તરફ લક્ષ્ય આપે છે તો તેને વિના વિલંબે શીખી લે છે. હવે તો કોઇપણ પ્રકારે તમારે એને નિભાવી લેવી જોઇએ. વળી સાસુઓનો ત્રાસ પણ આપણા હિંદુસંસારોમાં કેવો હોય છે એ તમે સારી રીતે જાણતા હશો;— ! "

મોહનલાલે કાંઇક આશ્રય પામી કહ્યું:–" ના, ના, ઘેર ઘેર કાંઇ એવું હોતું નથી.. મ્હારાં માતુશ્રીનો સ્વભાવ ઘણો સારો છે. પુર્વજન્મનાં અપાર પુન્યોના પ્રભાવેજ મને એવાં દેવી માતાની પ્રાપ્તિ થઈ છે. મારાં પ્રથમ પ્રત્નિના વિયોગ શોકમાં રૂદન કરતાંજ તેમની આંખોએ ઝાંખ આવી ગઇ છે. "

દુલારીની માતાએ કહ્યું;–" તેઓ જ્યારે મ્હારી દુલારી તરફ એવો પ્રેમા ર્વિભવિ પ્રકટ કરશે ત્યારે હું સ્હમજીશકે તમારૂં કહેવું સત્ય છે. બાકી ઘેર ઘેર માટીના ચુલા. "

મોહનલાલ ત્રણ દિવસ સુધી અતિ આનંદથી પોતાને સાસરે રહ્યા સંધ્યા સમયે ભોજન કરી રહ્યા પછી જ્યારે તે બહાર ફરવા નીકળતો હતો ત્યારે દુલારીની કેટલીક સખીઓ હસતી હસતી તેની ઘણી મશ્કરી કરતી હતી આ મશ્કરીથી ઘણા ખરા નવયુવકોને અ-યાનંદની પ્રાપ્તિ થાય છે અને તેથી કરીને તેઓ શ્રાવણ માસમાં બે ચાર દિવસ સાસરે જઇ આવે છે. મોહનલાલને એકપણ સાળી નહી હોવા છતાં દુલારીની સખીઓ એ પ્રકારનો અભાવ દૂર કરીનાખતી હતી.

મોહનલાલ ત્રણ દિવસ સુધી સાસરે રહીને સાસુ સસરાના સત્કા-રથી પ્રસન્ન થઇને વિદાય થયો. ઘેર જઇ પહોંચ્યા પછી બીજે દિવસથી તે પુનઃ કચેરીમાં જવા લાગ્યો; પરંતુ હવે નોક-રીના કામકાજ ઉપર તેનું મન લાગતું નહોતું. આ સમય દરમ્યાન તેના ઉપરી અધિકારીની બદલી થઇ અને તેમની જગ્યાએ એક ઘણા કડક મિજાજવાળા ગોરા અધિકારી આવ્યા. તેમણે આવતાંની સાથેજ સઘળા નોકરોના કામકાજની તપાસ કરી, મોહ-નલાલ કેટલાક દિવસ સુધી રજા ઉપર ગયેલો હોવાથી તેનું કેટલુંક કામ અપૂર્ણ રહ્યું હતું તેથી કરીને સાહેબ બહાદુરના ક્રોધની સીમા

રહી નહિ. તેમણે મોહનલાલને ગુસ્સાથી કહ્યું:–"એમ ! સુબરકા બચ્ચા ! મુફતકી નોકરી ખાના માહટા હૈ ! "

મોહનલાલના નશીબમાં આવા અપમાન ભરેલા શબ્દો સાંભળવાનો કમનશિબ પ્રસંગ આ પ્રથમજ હતો. પહેલા જે અધિકારીઓની નીચે તેણે નોકરી હતી તે પૈકી પ્રથમ સાહેબના વખતે તે બીજો કલાર્ક હતો તેથી એકાએક તેનું કામ પડતું નહિ; ત્યાર પછી બીજા અધિકારીની નીચે જ્યારે તે હેડકલાર્ક થયો ત્યારે તેના સુભાગ્યે એ અધિકારી સરળ સ્વભાવવાળા અને સજ્જન હતા. તેમના સમયમાં કચેરીનું સઘળું કામકાજ મોહનલાલ સ્વતંત્રતાપૂર્વક કર્યા કરતો હતો. અધિકારી સાહેબ માત્ર સઘળા કાગળો ઉપર સહીઓજ કરી આપતા હતા. આ નવા અધિકારી સાહેબના અપશબ્દો સાંભળતાં મોહનલાલના આત્માને ઘણું દુ:ખ થયું. નોકરી કેવી ખરાબ છે તેનો ખ્યાલ તે આજેજ કરી શકયો. પૂર્વે જ્યારે તે અભ્યાસ કરતો હતો ત્યારે એમ ધારતો હતો કે કચેરીની નોકરી એ ઘણુંજ સુખની નોકરી છે. સર્વે લોકો સાહેબ સાહેબ કહ્યા કરે છે. ખુરશી ટેબલ ગોઠવીને કચેરીમાં નિરાંતે રૉફ ચલવાય છે. છ સાત કલાક કામ કરીને કોઈપણ પ્રકાર ચિંતા રાખ્યા સિવાય સ્વગૃહે જઈ સુખ મેળવી શકાય છે. પોતાનો આ વિચાર કેટલો ભૂલ ભરેલો હતો છે તેની તેને આજેજ ખાત્રી થઈ સઘળા કારકુનોની હાજરીમાં પોતાને "સુબરના બચ્ચા" એવો શબ્દ સાંભળવો પડે તો છે કેટલું બધું શરમ ભરેલું લાગે ? પરંતુ નિરૂપાયે મોહનલાલને શાંતિ ધારણ કરવી પડી. સાહેબ બહાદુરે મોહનલાલને ફરમાવ્યું કે;–" માત્ર ત્રણજ દિવસમાં તમારૂં સઘળું કાર્ય પૂર્ણ થઈ જવું જોઈએ. "

મોહનલાલને તેનું કાર્ય પૂર્ણ કરવામાં ઘણા કારકુનોએ મદદ કરી. કારણ તે પ્રમાણિક માણસ હતો એટલુંજ નહિ પરંતુ કચેરીના સઘળા કારકુનો ઉપર માયા રાખતો હતો, તેથી સર્વે કારકુનો તેનું શુભ થાય એવી ઇચ્છા રાખતા હતા. મોહનલાલે પણ ત્રણ દિવસ સુધી રાત્રિ દિવસ સખ્ત મહેનત કરી પોતાનું ચઢી ગયેલું બધું કામ સંપૂર્ણ કરી નાખ્યું.

સાહેબ બહાદુર એમ ધારતા હતા કે દરેક કચેરીમાં મુખ્ય કારકુન અપ્રમાણિક હોય છે તેથી તેઓ મોહનલાલને પણ એવોજ ધારતા હતા. ઘણા દિવસ સુધી તેમણે ગુપ્ત તપાસ ચલાવી તોપણ મોહનલાલની અપ્રમાણિકતાનું તેમને એકપણ ઉદાહરણ મળ્યું નહિ. તેનું સઘળું કામકાજ પણ હવે નિયમ પ્રમાણે થયા કરતું હતું તેથી હવે અધિકારી સાહેબ મોહનલાલની સાથે સભ્યતાનો વ્યવહાર ચલાવવા લાગ્યા. કાર્તિક માસની શરૂઆતમાં અધિકારી સાહેબ રજા ઉપર ગયા. મોહનલાલ પણ પોતાનું કાર્ય નિશ્ચિંત રીતે કરવા લાગ્યો;

હવે પોતાની નવવધૂને બોલાવી સંસાર સુખનો ઉપભોગ ભોગવવાની તેની પ્રબળ ઇચ્છા થઇ. દીપોત્સવી સુધીનો વખત તો મહામુશ્કેલીએ વિયોગ દુ:ખ સહન કરતાં કરતાં વ્યતીત કર્યો. છેવટે દીપોત્સવીની જે ત્રણ દિવસની રજાઓ પડી તે દિવસોમાં મોહનલાલ પોતાની નવવધૂને તેડીલાવવાને સાસરે જઇ પહોંચ્યો. એક દિવસ સાસરે રહી પોતાની પત્નીને સાથે લઇ તે પાછો ઘેર આવ્યો તથા ઘેર આવીને અતિ આનંદથી સંસાર સુખ મેળવવા લાગ્યો. આ સમયે પતિના આગ્રહથી દુલારીએ રસોઇતો બનાવવા માંડી; પરંતુ તેના હાથની રસોઇ કોઇ દિવસે બળી જતી હતી તો કોઇ દિવસે કાચી રહેતી હતી. રોટલીઓનું પણ એવુંજ હતું. કાચીપાકી થયેલી રોટલીમાંથી સારી સારી પતિને મૂકતી હતી, તેનાથી કાંઇક ઉતરતા પ્રકારની પોતે આરોગતી હતી અને તદ્દન કાચી રહેલી વૃદ્ધા સાસુને નિરૂપાયે આપવી પડતી હતી, આથી કરીને બિચારી વૃદ્ધાને ૧૫ દિવસમાંજ સંગ્રહણીનો રોગ થઇ આવ્યો. વૃદ્ધાના આચાર વિચારો ઘણા ઉચ્ચ પંક્તિના હતા. સંગ્રહણી રોગ થવાથી દસ્ત થતાંજ તેને સ્નાન કરવું પડતું હતું અને આવી રીતે તે દિવસમાં અનેક વખત સ્નાન કરતી હોવાથી તાવને આધીન થઇ પડી. જ્યાં સુધી માતાને વિશેષ રોગ થયો નહિ ત્યાં સુધી મોહનલાલને એ સંબંધી કાંઇ ખબર પડી નહિ; પરંતુ જ્યારે તેણે માતાને આખો દિવસ સૂઇ રહેતાં તેમજ વારંવાર સ્નાન કરતાં જોઇ, તથા તેનું શરીર જ્યારે કુબેઠ થઇ ગયેલું તેણે જોયું ત્યારે તેણે એક વૈદ્યની દવા શરૂ કરી; કારણ કે વૃદ્ધા ડૉકટરની દવાનો ઉપયોગ કદાપિ કરતી નહિ. માતાના રોગાર્ત્ત થયાના વર્ત્તમાન જાણવામાં આવતાંજ રાજેશ્વરી પણ ઘેર આવી પહોંચી. તે માતાને ઘણીજ રોગાધીન જોઇ શોકિત થઇ. તેણે અતિયત્નપૂર્વક માતાની

ચિકિત્સા કરાવવા માંડી. રાત્રિ દિવસ તે અવિશ્રાંત સેવા-શુશ્રુષા કરવાં લાગી. આ સમયે વૃદ્ધાથી ઉઠી તથા બેસી શકાતું નહિ, તથા વિ-શેષ બોલી ચાલી શકાતું નહિ. અધોળેક દૂધ સિવાય તેનાથી બીજું કાંઈ ખાઈ શકાતું નહિ. રાજેશ્વરીએ પોતાની પાસેથી ફી આપીને અનેક વૈદ્ય તથા હકીમોને ચિકિત્સા માટે બોલાવ્યા પરંતુ કોઇએ આશાસૂચક વચનો કહ્યાં નહિ. વૃદ્ધાનો સ્વભાવ એટલો બધો શાં-તિપૂર્ણ હતો કે પોતે જે કારણથી રોગગ્રસ્ત થઇ હતી તે કારણ તેણે કોઇને નિવેદન કર્યું ન હોતું. તેણે એમજ ધાર્યું કે—

મ્હારા ભવિષ્યમાં જેમ બનવા કાળ હતું તેમ બન્યું. જે કાંઇ કર્મ ફળ ભોગવવાનું નિર્માણ થયું હોય છે તે ભોગવ્યા સિવાય છુટકો થતો નથી.

રાજેશ્વરીના આવ્યા પછી વૃદ્ધાથી બોલી ચાલી શકાતું નહિ હોવાથી તે પોતાની ઇચ્છા સંકેતદ્વારા પ્રદર્શિત કરતી હતી. કદાચિત આ કારણથી પણ તે પોતાના હૃદયની વાત નિવેદન કરી શકી ન હોય એવો સંતાપ હતો ખરો. જ્વરગ્રસ્ત થયા પછી એકમાસે વૃદ્ધા પોતાનાં પુત્ર પુત્રીને રૂદન કરતાં મૂકી પોતાના જીર્ણ શરીરનો ત્યાગ કરી પરલોક ગામિની થઈ. મરણને દિવસે તેનામાં કાંઇક ચેતન આવ્યું હતું. તેણે કોણ જાણે કેવી રીતે તે દિવસે પોતાનો મૃત્યુકાળ જાણી લીધો હતો; તેથી સ્નાન કરાવવાનો તથા વસ્ત્રો બદલવાનો સંકેત કર્યો. પુત્રીએ માતાના મનનો ભાવ સ્હમજી જઇ સકળ કાર્ય તેની ઇચ્છા પ્રમાણે કર્યું. થોડાજ સમયમાં ચોકા ઉપર લઇ લેવાનો સંકેત કર્યો. રાજેશ્વરી-એ જલદીથી પૃથિવીને લીંપાવી-ગુંપાવી માતાને તેના ઉપર સુવાડી. મોહનલાલે માતાની સ્થિતિ વિશેષ બગડેલી જોઇને ત્રણ દિવસથી રજા લઈ રાખી હતી. આ સમયે બન્ને ભાઈ બહેનીએજ માતાને

પૃથ્વી ઉપર સૂવાડી હતી. બન્નેનાં નેત્રોમાંથી અશ્રુજળ ઉભરાઇ જતું હતું. મોહનલાલનો પિતા તેને માત્રપાંચજ વર્ષનો મૂકી મરી ગયા હતા તેથી તેની મમતામયી માતાએજ તેને એફ. એ. સુધી ભણાવીને સુયોગ્ય બનાવ્યો હતો કે જેથી કરીને આજે તે ૮૦ રૂપિયાનો માસિક પગાર પ્રાપ્ત કરી શકે છે. મોહનલાલને સુખદુઃખ સમજે તેની માતા એવો ઉપદેશ આપ્યા કરતી હતી કે જેથી મોહનલાલને ઘણો સંતોષ થતો હતો. મોહનલાલ મ્હોટી ઉમરનો થઈ ગયો હતો, તોપણ સ્નેહમયી માતા ન્હાના બાળક પ્રમાણે તેને સમજાવતી હતી તથા તેના સુખદુઃખની અને ખાનપાનની ચિંતા રાખતી હતી. આજે એવી પુત્રવત્સલા માતાનો વિયોગ થતાં કયા કઠોર પુત્રને શોક ના થાય? સાસુ મરણ પામી ત્યાં સુધી દુલારી તો મેડા ઉપર પલંગ પાથરી નિદ્રાધીન થઈ ગઇ હતી. જ્યારે સગી વ્હાલી સ્ત્રીઓ આવીને રોવા લાગી ત્યારે મોહનલાલે મહામુશિબતે તેને સર્વ સ્ત્રીઓની પાસે બેસીને રોવા મોકલી. સર્વને રૂદન કરતાં જોઇ દુલારી પણ રૂદન કરવા લાગી; પરંતુ વાસ્તવિક રીતે તેને સાસુના મૃત્યુનો બિલકુલ શોક નહોતો; ઉલટું બાલ્યાવસ્થાથીજ તેના મનમાં સાસુના પ્રત્યે તિરસ્કાર વૃત્તિ ઉત્પન્ન થયેલી હોવાથી સાસુનું મૃત્યુ થયાથી તેને કાંઇક આનંદ થયો હતો. તેણે વિચાર્યું કેઃ—“ હવે હું જે ઘરમાં કરીશ તેજ થશે; તથા હવે હું સ્વતંત્રતામાં રહી શકીશ. ”

(૬)

મોહનલાલની વૃદ્ધા માતાનો પરલોકવાસ થવાથી તેની યુવાન પત્ની એકલી ગૃહમાં રહી. આથી કરીને તેના સહવાસમાં એક સ્ત્રીને

આજકાલ કેટલાક લેખકો પ્રકાશકો પોતાના ઉભરો સાસુઓ ઉપરજ કહાડે છે તેઓએ આ દૃષ્ટાંત વાંચવા જેવું છે પ્રકાશક *

શીખવાની જરૂર જણાઇ. જે સ્ત્રીએ મોહનલાલનો વિવાહ કરાવ્યો હતો તેની દશા આજકાલ ઘણી શોચનીય હતી, પતિના મૃત્યુથી તેની ઘણીજ ખરાબ અવસ્થા થઇ ગઇ હતી, તેથી તેણે મોહનલાલના ઘરમાં રહેવાનું સ્વીકાર્યું. જ્યારે તે મોહનલાલને ત્યાં આવી ત્યારે તેનો એક પુત્ર તથા એક પુત્રી કે જેમની ઉંમર ઘણી ન્હાની હતી તેમને પોતાની સાથે લેતી આવી. કેટલાક દિવસ સુધી તો એ સ્ત્રી મોહનલાલને ત્યાં ઘણા સુખમાં રહી, મોહનલાલના ઘરનું કામકાજ તે આનંદથી કરતી રહી. હવે ઘરના કોઇપણ કામને દુલારી પોતાનો હાથ અડકાડતી નહિ. મોહનલાલની પાડોસમાં એક ચાલાક યુવતી રહેતી હતી. તેણે વારંવાર દુલારી પાસે આવજા કરવા માંડી, તેણે દુલારીને પોતાને વશ એટલી બધી કરી લીધી કે તેની પાસે તે પોતાની ઇચ્છામાં આવે તે કરાવતી હતી. થોડાજ દિવસમાં તેણે દુલારીના મનમાં તેની ફોઇ સંબંધી એટલી બધી વિરક્તિ કરાવી દીધી કે દુલારીએ પતિ આગળ વારંવાર ફોઇની નિંદા કરી, પોતાની ફોઇને ઘરમાંથી કાઢી મૂકાવી, દુલારી વારંવાર તેની ફોઇનાં પુત્રપુત્રીને શિક્ષા કરતી હોવાથી તેની ફોઇની પણ હવે મોહનલાલને ત્યાં રહેવાની ઇચ્છા નહોતી. જે ચાલાક સ્ત્રીએ દુલારીદ્વારા તેની ફોઇને કઢાવી મૂકી હતી તેણે મોહનલાલને ત્યાં એક ચાકરડી રખાવી આપી હતી, તથા તેણે તેને કહી મૂક્યું હતું કે જો તને દુલારીની ફોઈ કાંઇ કામ કરવાનું કહે તો ત્હારે એમજ કહેવું કે તમે શા માટે નથી કરતાં ? જેવાં તમે છો તેવીજ હું છું. તમે પણ આ ઘરમાં કામ કાજ કરીને પેટ ભરવા રહ્યાં છો ' જ્યારે જ્યારે દુલારીની ફોઇ આ ચાકરડીને કાંઇ કામ કરવાનું કહેતી ત્યારે તે આવોજ ઉત્તર આપતી હતી. એક દિવસે ચાકરડીએ આવા પ્રકારનો ઉત્તર આપ્યો એટલે

દુલારી પણ બોલી ઉઠી:—" હા ! હા ! ! એ બરાબર કહે છે તમે સઘળું કામ તમારે હાથેજ કેમ નથી કરી નાખતાં ? જ્યારે એ નહોતી ત્યારે તમેજ કરતાં હતાં કે બીજું કોઇ ? "

દુલારીના ઉપરના શબ્દોથી તેની ફોઈ સ્હમજી ગઈ કે હવે તેના ઘરમાં પોતાનો નિર્વાહ થઇ શકશે નહિ. તેજ દિવસે એ બિચારી મોહનલાલ કચેરીએથી ઘેર આવ્યો એટલે રજા લઇને પોતાને ઘેર ચાલી ગઇ. મોહનલાલે જોકે ઉપર ઉપરથી ઘણો આગ્રહ કર્યો તો તેણે ઉત્તર આપ્યો:—" બાઈ ! હવે આ ઘરમાં મ્હારો નિર્વાહ થઇ શકે એવો સંભવ નથી. આજકાલની વહુઓનો મિજાજ કાંઇ વિચિત્રજ જોવામાં આવે છે. "

દુલારીની ફોઈના ચાલ્યા ગયા પછી મોહનલાલને વધારે અડચણ ખાવા પીવાની પડવા લાગી. તેને પુનઃ પોતાની સ્ત્રીનીજ બનાવેલી કાચી પાકી રસોઇ ખાવી પડી. શાક દાળમાં કાંઇ સ્વાદજ જણાતો નહિ; કારણ કે અંદર મીઠું બરોબર પડતું નહિ, વારંવાર મીઠાનો દરિયો દાળને શાકની અંદર ભેળવવામાં આવતો હતો. આ સંબંધી મોહનલાલ જ્યારે પોતાની નવી પત્નીને કાંઇ કહેતો ત્યારે તે તોબરો ચઢાવી ઉત્તર આપતી કે:—" તમને તો મ્હારા હાથની રસોઇ બિલકુલ પસંદ પડતી નથી. તમે કોઇ પણ દિવસે કોઈ ચીજ સારી છે એમ કહ્યું છે ? મ્હારાથી સારી રસોઈ ના બનતી હોય તો કોઈ સારી રસોઇયણ રાખી લ્યો. "

આવા પ્રકારનો ઉત્તર સાંભળીને મોહનલાલે કાંઇ કહેવા કહાવવાનું છોડી દીધું હતું. તેણે વિચારી લીધું હતું કે હવે કાંઇ કહેવું સાંભળવું વ્યર્થ છે.

મોહનલાલની અજ્ઞાન પત્ની સાથે પૂર્વે દર્શાવેલી યુવતીએ ઘણો

સ્નેહ બાંધી દીધો હતો; તે પોતાને ત્યાંથી ખાનપાનની ઉત્કૃષ્ટ ચીજો દુલારીને સાં લાવતી હતી. મોહનલાલ કચેરીમાં ચાલ્યો જાય એટલે એ યુવતી દુલારી પાસે આવતી હતી. તે એક દિવસે નિયત સમયે મોહનલાલની પત્નીને ત્યાં આવી અને કહેવા લાગીઃ–" મ્હારા ભાઇનો વિવાહ થનાર છે તેથી હું મ્હારે પિયર જાઉ છું, તેથી જો બ્હેન ! તું માત્ર પંદર દિવસને માટેજ ત્હારાં ઘરેણાં મ્હને પહેરવાને આપે તો મ્હારી આબરૂ રહે; કારણ કે ત્યાં ઘણી સ્ત્રીઓ એકઠી થનાર છે; તે બધીઓમાં હું ઘરેણાં પહેર્યા વિના જાઉ તો મ્હારી વાત કરે. "

દુલારીએ કહ્યુંઃ–" બ્હેન ! એ શું બોલે છે ? અત્યાર સુધી મ્હેં તને કોઈ પણ વસ્તુ માટે ના પાડી છે ? તું મ્હારી બ્હેન બરાબર છે તો પછી ત્હારા કરતાં શું વિશેષ છે ? "

આમ કહીને દુલારીએ પોતાના મૂલ્યવાન ઘરેણાં એ ચાલાક સ્ત્રીની આગળ મૂકયાં તથા તેમાંથી તેની ઇચ્છા હોય તેટલાં લઈ જવાને જણાવ્યું. એ ચાલાક યુવતીએ લગભગ ૧૫૦૦ રૂ. ની કિંમતનાં ઘરેણાં લઇ લીધાં, તથા એ ઘરેણાં લઇને તેણે કહ્યુંઃ–" તું ત્હારા પતિને આ વાત બિલકુલ નિવેદન કરીશ નહિ. હું પંદર દિવસમાં પાછી આવી પહોંચીશ એટલે આ જે છ ઘરેણાં છે તે હું તને ચુપચાપ પાછા સોંપી દઇશ. "

દુલારીએ પોતાની અજ્ઞાનના લીધે કહ્યુંઃ–" તેમને કહેવાની શી જરૂર છે ?

ત્યાર પછી એ ચાલાક યુવતી ઘણાજ આનંદથી ઘરેણાં લઇ પોતાને ઘેર ગઇ અને તેને બીજેજ દિવસે તે પોતાને પિયર ચાલી ગઇ. એક મહિના પછી જ્યારે તે ઘેર આવવા નીકળી ત્યારે પેલાં ઘરેણાં તેણે તેની માતાને સોંપી તે સઘળાં છુપાવી રાખવાની સૂચના કરી. માએ પૂછવાથી તેણે

જણાવ્યું કે:—" એ સઘળાં મ્હારી એક બ્હેનપણીની સાસુનાં છે. તેની સાસુએ એને ગુપ્ત રીતે આપ્યાં છે; તથા તેણે મ્હને છુપાવી રાખવાને આપ્યાં છે; "

એ ચાલાક યુવતી ઘેર આવ્યા પછી દુલારીને મળવા સુધ્ધાં ગઇ નહિ. દુલારીએ જ્યારે તેના આગમનના વર્તમાન જાણ્યા ત્યારે તેને ઘણું આશ્ચર્ય લાગ્યું કે તે અહીં આવી પહોંચી છે છતાં પોતાને કેમ મળી નહિ ? બે ત્રણ વખત ચાકરડી દ્વારા તેને બોલાવી પરંતુ જ્યારે તે દુલારી પાસે ના ગઇ ત્યારે દુલારી પોતેજ તેની પાસે આવી. દુલારીને પોતાની પાસે આવેલી જોઇ તેણે અતિ શોક દર્શાવતાં કહ્યું:— " બ્હેન ! શું કહું ? મ્હારૂં કપાળ ફુટયું છે. અહીંથી હું ત્હારાં સઘળાં ઘરેણાં પાનની પેટીમાં મૂકી નીકળી હતી. પરંતુ આગગાડીમાં નિદ્રાધીન થઇ એટલે કોઇ પાનની પેટી ઉપાડી ગચ્છતિ કરી ગયું. હું એ ઘરેણાંને પહેરી પણ શકી નહિ. હું જ્યારે મ્હારા પિતાને ત્યાં જઈ પહોંચી અને મ્હેં સઘળી હકીકત કહી સંભળાવી ત્યારે અડધાં ઘરેણાં તેમણે કરાવી આપવાનું કહ્યું છે તથા અડધા ઘરેણાં વસંતીના પિતાએ કરાવી આપવાનું કહ્યું છે. હું ધારૂં છું કે બે ત્રણ માસમાં સઘળાં ઘરેણાં તેયાર થઇ જશે. પરંતુ જ્યાંસુધી ત્હારાં ઘરેણાં તેયાર થઇ નહિ આવે ત્યાં સુધી હું ત્હારે ત્યાં આવીશ જઇશ નહિ. બ્હેન ! હવે મ્હારી લાજ ત્હારે હાથ છે. તું હવે મ્હારા ઉપર કૃપા કરી આ વાત ત્હારા પતિને કહીશ નહિ. થોડા દિવસમાંજ સઘળું તેયાર થઇ જશે. જો તું આ વાત ત્હારા પતિને કરીશ તો તેઓ ઉલટા ત્હારા ઉપર નારાજ થશે, માટે સારી વાત તો એજ છે કે હવે ત્હારે થોડા દિવસ સુધી ધૈર્ય ધારણ કરવું. "

કુમારીએ નિશ્વાસે કહ્યું:--"વારૂ, હું કાંઇ નહિ કહું."

દુલારી છેકજ અજ્ઞાન હતી તે હજુ પણ એ ચાલાક ચપળાના ચાળાને સમજી શકી નહિ અને તેના શબ્દો ઉપર તેણે વિશ્વાસ મૂક્યો. પરિણામ એ આવ્યું કે એક માસ પછી પેલી યુવતીના પતિની બદલી બહારગામ થઇ ગઇ અને તે યુવતી પોતાના પતિની સાથે ચૂપકીથી ચાલી ગઈ.

દુલારીએ લગભગ ૧૫ દિવસ પછી તેના ચાલ્યા ગયાની વાત સાંભળી ત્યારે તેના મનમાં પોતાનાં ખોવાયલાં આભુષણો મળશે કે નહિ એ સંબંધી ચિંતા ઉપસ્થિત થઇ. દુલારી ભાગ્યેજ ચિંતાતુર રહેતી હતી પરંતુ બે ચાર દિવસથી તેનું મ્લાન મુખ જોતાંજ મોહનલાલે તેની ચિંતાનું કારણ પૂછ્યું. જ્યારે મોહનલાલે વારંવાર પૂછ્યું ત્યારે પોતાના કેટલાંક ઘરેણાં પેટીમાંથી ચોરાઈ ગયાં છે એમ દુલારીએ કહ્યું.

મોહનલાલે ત્વરાથી પેટી ઉઘાડી તપાસી જોઈ તો કેટલાંક કિંમતી ઘરેણાં તેની નજરે પડયાં નહિ. આ પ્રકારથી તેના આત્માને ઘણું દુઃખ થયું. એ ઘરેણાં તેની પ્રથમ પત્નીનાં હતાં. કેટલાંક તો તેની સાસુએ પોતાની પુત્રીને મરણ સમયે આપ્યાં હતાં અને કેટલાંક તેની સ્ત્રીએ પોતાના પતિ પાસેથી રૂપિયા લઇ લઇને કેટલાક વર્ષ બાદ બનાવડાવ્યાં હતાં. પોતાની પ્રથમ પત્નીના સ્મારક ચિહ્ન તરીકે રહેલાં તેનાં ઘરેણાંને ગુમ થઈ ગયલાં જાણી મોહનલાલને જે દુઃખ થયું તેની કલ્પના ભાગ્યેજ કરી શકાય તેમ છે. ઘરેણાં કેવી રીતે ગુમ થયાં એ સંબંધી તેણે પોતાની પત્નીને અનેક પ્રશ્નો કર્યા; પરંતુ દુલારીએ ઉત્તર આપ્યો કે;—"હું કાંઇ જાણતી નથી, કે તે કેવી રીતે ગુમ થયાં. પરમ દિવસે ચમેલીને ત્યાં વિવાહ મંડપમાં

જવાનું હતું તે સમયે મ્હેં વિચાર કર્યો કે પેટી ઉઘાડી તેમાંથી ઘરેણાં કાઢી તે પહેરીને જાઉં; પરંતુ તે સમયે કેટલાંક ઘરેણાં નહિ જડવાથી હું સાધારણ ઘરેણાં પહેરી ચાલી ગઇ. ત્યાંથી ઘેર આવ્યા પછી મ્હેં આખી પેટી તથા ઘરની અંદર સર્વ સ્થળે તપાસ કરી પરંતુ કોઇપણ સ્થળે પત્તો લાગ્યો નહિ. કેટલાક માસ થયાં કોઇ પણ સ્ત્રી આપણા ઘરમાં આવતી જતી નથી."

આવો બનાવટી ઉત્તર સાંભળતાં મોહનલાલ ઘરેણાં કેવાં પ્રકારે ગુમ થયાં એ સ્હમજી શક્યો નહિ. કેટલીક વખત તેને એવી આશંકા થઇ આવી કે કદાચ દુલારીની પિત્રાઈ ફોઇજ હાથ મારીને ઘરેણાં તફડાવી ગઈ હશે, પરંતુ આ સંબંધમાં તેને કાંઈ કહી કે પૂછી શકાતું ન હોતું. જ્યારે મોહનલાલથી શાંતિ ના રાખી શકાઇ ત્યારે તેણે દુલારીની ફોઇને ત્યાં જઇને ઘરેણાં ગુમ થયાની સઘળી હકીકત તેને કહી સંભળાવી " તેણે ઉત્તર આપ્યો કે;—તમારા ઘરમાં તમારી પત્ની પાસે એક ચાલાક યુવતી વારંવાર આવતી જતી હતી, તેણે દુલારીની સાથે ઘણો સંબંધ કરી નાખ્યો હતો. મ્હને તો લાગે છે કે ઘરેણાં એજ યુવતી ઉડાવી ગઇ હશે. આ સંસારમાં કોઇપણ પ્રકારના સ્વાર્થ સિવાય કોઈપણ મનુષ્ય બીજા મનુષ્યની સાથે ભાગ્યેજ સંબંધ બાંધે છે. એ યુવતી દુલારી ઉપર એટલો બધો પ્રેમ રાખતી હતી કે જે જોઇને મ્હને ઘણું આશ્ચર્ય લાગતું હતું. હવે મ્હને માલૂમ પડયું કે આવી રીતે હાથ મારવાને માટેજ તેણે દુલારી સાથે પ્રેમપ્રપંચ કર્યો હતો."

જ્યારે મોહનલાલે ઘેર આવી ઉપરની સઘળી હકીકત પોતાની પત્નીને કહી સંભળાવી ત્યારે તેણે કહ્યું:—"હા, વસંતીની માના અહીં ઘણીખરી વખતે આવતી હતી, પરંતુ હમણાંની ઘણો સમય

ધર્યાં તે આવતી નથી. વળી હાલમાં તે અહીં છે પણ નહિ, કોણ જાણે કે તે પોતાના પતિની સાથે ક્યાં ચાલી ગઈ છે!"

મોહનલાલે પોતાના માથા ઉપર હાથ પછાડી મનમાંને મનમાં વિચાર્યું:-" મ્હેં મૂર્ખાએ વળી પ્રથમ પત્નીના પરલોકવાસ પછી પુનર્વિવાહ ક્યાં કર્યો? આ નવવધૂને લીધેજ મ્હારૂં આટલું બધું નુકસાન થયું. હરિ! હરિ!!"

હવે મોહનલાલ ઘરની વસ્તુઓ તથા ઘરેણાં ગાંઠાને કેવી રીતે સાચવવાં એવો વિચાર કરવા લાગ્યો; તેણે વિચાર્યું:-" આવી અજ્ઞાન પત્નીના વિશ્વાસ ઉપર ઘરનો સરસામાન તથા જરજોખમ રાખવું યોગ્ય નથી."

આવો વિચાર કરતાં કરતાં અંતે તેણે એવો નિશ્ચય કર્યો કે:-" કચેરીમાં આવ્યા પછી તો હું હરેક પ્રકારની સંભાળ રાખીશ, પરંતુ જ્યારે હું કચેરીમાં ગયો હોઉં ત્યારે ઘરને સંભાળવાને માટે કોઇ માણસ રાખવો જોઇએ કે જે ઘરના દરવાજે બેસી રહે"

આ પ્રમાણે નિશ્ચય કરી મોહનલાલે ઉપરના કામ ઉપર એક વૃદ્ધ માણસને રાખ્યો કે જે બહારની કોઈપણ સ્ત્રી યા તો બાલિકાને કદાપિ ઘરમાં પ્રવેશ કરવા દેતો નહિ. દુલારીને એકલીને ઘરમાં પડી રહેવું બિલકુલ ગમતું નહિ. માત્ર પંદર દિવસ આવી સ્થિતિમાં પસાર થઇ ગયા પછી તેણે પતિની પાસે પિયર જવાની રજા માગી. મોહનલાલે પિયર જવાની રજા ના આપી એટલે તેણે પતિના ઉપર ગુસ્સે ભરાઇ પોતે જે કાચીપાકી રસોઇ બનાવતી હતી તે રસોઇ બનાવવાનું પણ છોડી દીધું. હવે શું કરવું તેની મોહનલાલને ઘણી ચિંતા થવા લાગી. અરેરે! તેણે જે સુખ મેળવવાને માટે પુનર્વિવાહ કર્યો હતો તે સુખ મળવાનું તો દૂર રહ્યું, પરંતુ ઉલટું દુઃખ મળવા

લાગ્યું. મોહનલાલના ઘરના દ્વાર ઉપર ચોકીદારને બેઠેલો જોઇ લોકો અનેક પ્રકારનાં ગપાષ્ટકો ચલાવવા લાગ્યાં. કોઇ કોઈ તો દુલારીના ચારિત્ર્ય સંબંધી પણ શંકા રાખવા લાગ્યા. તેઓએ એમજ ધાર્યું કે:–"નવ યૌવના પત્નીની દેખરેખ રાખવાને માટેજ આ ચોકીદાર બેસાડવામાં આવ્યો છે. આજ સુધી તો કોઇ કાંઇ નપાસ રાખતું હોય એમ જણાતું નહિ." જ્યારે ઉપરની વાત ઉડતી ઉડતી મોહનલાલના કાન સુધી જઇ પહોંચી ત્યારે તેને ઘણું લાગી આવ્યું. કોઇ પણ કુળવાન પુરૂષની સ્ત્રીના સંબંધી જ્યારે લોકો મિથ્યા કલંકની વાત ચલાવે છે, અને આ વાત જ્યારે એ પુરૂષના જાણવામાં આવે છે ત્યારે તેને અપાર દુઃખ થાય છે. વળી આજકાલના લોકપણ એવા થઇ ગયા છે કે તેઓ સારા વિચારો છોડી દઇ ખોટા વિચારોજ ચલાવે છે. પોતાના ઘર પર પણ આવું કલંક બેસવાની તૈયારી જોઇ મોહનલાલે વિનાવિલંબે ચોકીદારને રજા આપી દીધી તથા અનેક પ્રકારની ખુશામદ કરીને તે પોતાની નવી પત્નીની કોઇને પુન: પોતાને ત્યાં બોલાવી લાવ્યો. મોહનલાલને સંપૂર્ણ ખાત્રી થઇ ગઇ હતી કે એ ચાલાક યુવતીજ પોતાની પત્નીના આભુષણો લઈ પલાયન કરી ગઈ છે. દુલારી જો કે ઘણી સરળ સ્વભાવની હતી તો પણ તેણે એ યુવતીદ્વારા પોતાનાં આભુષણો ગુમ થયાની વાત સ્વીકારી નહિ.

દુલારી ઘરમાં એકલી રહેતાં રહેતાં ઘણી દુઃખિત બની ગઇ હતી. તેથી તે કોઇ ઘરમાં આવીને રહેવાથી ઘણી પ્રસન્ન થઇ હવે મોહનલાલને ભોજન પણ ઉત્તમ પ્રકારનું મળવા લાગ્યું તથા ઘરની સકળ વસ્તુઓની વ્યવસ્થા પણ ઉત્તમ પ્રકારે રહેવા લાગી. મોહનલાલની સ્ત્રીના ચરિત્રના સંબંધમાં જે અસત્ય કલંકની

વાત ઉડી હતી તે ધીમે ધીમે દૂર થઇ ગઇ. વાસ્તવિક રીતે સત્યાં સત્ય વાતનો નિર્ણય થોડા દિવસમાં અનાયાસેજ થઇ જાય છે.

(૭)

સુશિક્ષા અને સત્સંગનો કેવો પ્રભાવ થાય છે તેનું ઉદાહરણ આપણી આ ન્હાની વાર્તાની નાયિકા દુલારીજ જુઓ દુલારી કેટલાંક વર્ષો અગાઉ તદ્દન અજ્ઞાન હતી તે આજે ગૃહ સંસારના સકળ કાર્યોમાં પ્રવીણ બની ગઇ છે. આ સમય દરમ્યાન તેણે ગુજરાતી ભાષાનો અભ્યાસ કરી કેટલાંક સારાં સારાં સ્ત્રીઓપયોગી પુસ્તકો તથા માસિકપત્રો વાંચી નાખ્યાં છે. ભોજન બનાવવામાં પણ તે હવે સાક્ષાત અન્નપૂર્ણા સમાનજ જણાય છે. મોહનલાલ પણ હવે પોતાની નવવધૂના કામકાજથી, આચાર વ્યવહારથી અતિ સંતુષ્ટ રહે છે. ઇશ્વરની કૃપાથી દુલારી આજે ત્રણ માસના બાળકની માતા બની ગઇ છે. જે દુલારી થોડા સમય પૂર્વે સંસારની કોઇપણ વાત સ્હમજતી ન હોતી તેજ દુલારીની સંસાર કાર્યોની નિપુણતા સંબંધીની પ્રશંસા આડોસીપાડોસીના મુખે સંભળાય છે. હવે તે પોતાનું કર્ત્તવ્ય સારી રીતે સ્હમજી ગઇ છે. પોતાની પહેલી અજ્ઞાનની વાતો યાદ આવતાં તેને ઘણો પસ્તાવો થાય છે. હવે તે પતિના પ્રત્યેનું પોતાનું કર્ત્તવ્ય તથા સંસાર સંબંધી પોતાનું કર્ત્તવ્ય સારી રીતે સ્હમજી ચૂકી છે. મોહનલાલ પોતાની નવયૌવના પત્નીમાં થયેલું પરિવર્ત્તન જોઈ ઘણો પ્રસન્ન થયો તથા ઈશ્વરને ધન્યવાદ આપવા લાગ્યો. દુલારી પોતાના પ્રાણાધિક બાળકનું ચંદ્ર સમાન સુંદર મુખ જોઇને આનંદિત થયા કરે છે. બાળક પારણામાં પડયો પડયો માતાને જોતાંજ સ્મિત કરે છે ત્યારે દુલારીના આનંદની સીમા રહેતી નથી. રાજેશ્વરી પણ ભત્રિજાના જન્મોત્સવ ઉપર ભા-

ઇના આમંત્રણથી આવી પહોંચી છે, તથા ભાભીના આગ્રહથી હજુ સુધી રહી છે. તે પણ પોતાની ભાભીના સ્વભાવમાં તથા જ્ઞાનમાં થયેલું પરિવર્ત્તન જોઇ ઘણી પ્રસન્ન થઈ છે. રાજેશ્વરીની સાથે તેનો ભત્રિજો સુંદર પણ આવ્યો છે. દુલારીએ તેના તરફ આ સમયે અધિક માતૃક સ્નેહ પ્રકટ કર્યો. સુંદરને પોતાની પાસેજ રાખવાની હવે તેને ઉત્કૃટ ઇચ્છા થઈ ગઇ છે, મોહનલાલ આગળ જ્યારે તેણે આ સંબંધી પોતાની ઇચ્છા પ્રકટ કરી ત્યારે તે ઘણો રાજી થયો. મોહનલાલની પણ ઇચ્છા એવી થઇ ગઇ હતી કે હવે સુંદર પોતાની પાસે રહીને ઇંગ્રેજી અભ્યાસ કરે કારણ કે તેની ઉંમર આઠ વર્ષની થઇ ગઇ છે અને ગુજરાતી તે સારી રીતે લખી વાંચી શકે છે. દુલારીએ જ્યારે પતિની પાસે પોતાની હૃદયની અભિલાષા પ્રકટ કરી ત્યારે મોહનલાલે ઉત્તર આપ્યોઃ—" મ્હારી પણ એવીજ અભિલાષા છે, કેમકે હવે તેણે આપણી પાસે રહીને ઇંગ્રેજી અભ્યાસ કરવો જોઇએ. જો તે પોતાની ફોઈ સાથે જશે તો ત્યાં આગળ તેને ઇંગ્રેજી અભ્યાસ કરાવવાની વ્યવસ્થા થઇ શકે તેમ નથી. પહેલાં તું જાતેજ આ કારણ દર્શાવી સુંદરને અહીં મૂકી જવાનો બ્હેનને આગ્રહ કરજે પછીથી હું પણ કહીશ."

સમય મળતાંજ દુલારીએ પોતાની નણંદને કહ્યું:—" મ્હોટી બ્હેન! હવે સુંદર ગુજરાતી તો સારી રીતે લખી વાંચી શકતો હશે ?"

રાજેશ્વરીએ ઉત્તર આપ્યો:—" હા, ગુજરાતીનું તેણે સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. કોઇ પણ પ્રકારનું ગુજરાતી પુસ્તક તે વાંચી તથા સમજી શકે છે. વાંચવા લખવા તરફ તેનું ઘણું ધ્યાન રહે છે, રાત્રે દશ વાગ્યા સુધી અભ્યાસ કર્યા કરે છે. રાત્રે તેને જ્યારે ઘણો આગ્રહ કરૂં છું. ત્યારેજ તે સુઇ જાય છે. એકેક વર્ષમાં તેણે બબ્બે

ધોરણોનો અભ્યાસ ઉત્તમ પ્રકારે કર્યો છે, તથા આમ છતાં તેનો હંમેશાં તેના વર્ગમાં પહેલો નંબર રહે છે. ઈશ્વર તેને ચિરાયુ કરો. એ એમ. એ. પાસ થયા સિવાય રહેવાનો નથી."

દુલારીએ કહ્યું:–" જ્યારે ગુજરાતીનો તેણે આવી સારી રીતે અભ્યાસ કરી નાખ્યો છે ત્યારે હવે તેને ઇંગ્રેજી અભ્યાસ કરાવવો જોઇએ."

રાજેશ્વરી કાંઇપણ ઉત્તર આપ્યા સિવાય વિચાર કરવા લાગી.

દુલારીએ જણાવ્યું;—" બ્હેન ! વિચારમાં શા માટે પડી જાઓ છો ? તમે જ્યાં રહો છો ત્યાં ઇંગ્રેજી નિશાળ નથી તેથી હવે સુંદરને હું અને તમારા ભાઇ અત્રે રાખી ઈંગ્રેજી અભ્યાસ કરાવવાની અભિલાષા રાખીએ છીએ. જ્યાં સુધી હું અજ્ઞાન હતી ત્યાં સુધી તમે મ્હારા સુંદરનું પ્રતિપાલન કરી તેને ભણાવ્યો ગણાવ્યો છે, તેથી અમે બન્ને તમારાં જન્મ પર્યન્ત ઘણાં આભારી રહીશું. બ્હેન ! તમારા ઉપકારનો યતકિંચિત બદલો પણ મ્હારાથી વાળી શકાય તેમ નથી. હવે હું મ્હારૂં કર્ત્તવ્ય થોડે ઘણે અંશે સ્હમજી ચૂકી છું. મ્હને મ્હારા પૂર્વેના વર્તન સંબંધી હવે ઘણો અનુતાપ થાય છે. બ્હેન ! કૃપા કરી હવે સુંદરને અત્રેજ મૂકી જાઓ. હું તેના શિક્ષણ પ્રત્યે ઘણુંજ ધ્યાન આપીશ. હવે સુંદર અને મોહન બન્ને મ્હારી આંખોના તારા તથા હૃદયના લોહી સમાન છે, તેઓ બન્ને મ્હારા કંઠના અલંકાર છે. તેઓ મ્હારા ઘરની શોભારૂપ છે."

રાજેશ્વરી ઘણી બુદ્ધિમતી મહિલા હતી. જે વાતથી સુંદરનું ભલું થાય તેમ હોય એ વાતનો તે કેવી રીતે અસ્વીકાર કરે ? તેણે પોતાની ભોજાઇની વાતને સહર્ષ માન્ય કરી અને તેની બુદ્ધિ

તથા તેના પ્રેમની મનમાંને મનમાં પ્રશંસા કરવા લાગી.

આ સમય સુંદર જ્યારથી ઘેર આવ્યો હતો ત્યારથી દુલારીએ તેના પ્રત્યે અપૂર્વ પ્રેમ દર્શાવવા માંડયો હતો. આમ થવાથી સુંદર પણ ઘણો ખરો સમય દુલારી પાસે બેસી રહેતો હતો. દુલારી પણ પ્રેમથી સુંદર સાથે વાર્તાલાપ કર્યા કરતી હતી, તેને તેના શિક્ષણ સંબંધી અનેક પ્રકારના પ્રશ્નો પૂછતી હતી, તેને દિવસમાં બે ત્રણ વખત મિઠાઇ અને ફળફૂળાદિ ખાવાને માટે મંગાવી આપતી હતી. આવા પ્રકારના પ્રેમ પૂર્ણ વર્તનથી તેણે પ્રકટ કરી દીધું કે જો કે હું વિમાતા છું તો પણ સાચો માતૃ સ્નેહ સુંદરને માટે મ્હારા હૃદયમાં છે; સુંદર પણ દુલારી ઉપર પોતાની સગી માતાના જેવો સ્નેહ રાખવા લાગ્યો.

રાજેશ્વરી સુંદરને અત્રે રહેવાને માટે કાંઈ કહી શકિ નહિ તેથી દુલારીએજ કહ્યું;—" ભાઈ ! તું ફોઇને ત્યાં રહીને ગુજરાતી ભણી ચૂકયો છું તેથી હવે ત્હારે અત્રે રહીને ઇંગ્રેજી અભ્યાસ કરવો જોઇએ. "

સુંદરનું મન પણ હવે પોતાને ત્યાં લાગી ગયું હતું. તદુપરાંત ઇંગ્રેજી અભ્યાસની વાત સાંભળી તે ઘણો રાજી થયો પરંતુ કહેવા લાગ્યો;—" વારૂ, હું તો ઇંગ્રેજી અભ્યાસ કરવાને અત્રે રહીશ; પરંતુ ફોઇતો અહીં નહિ રહેને ? "

દુલારીએ સ્મિત કરી કહ્યું;—" હું અહીં ત્હારી પાસે છું તેથી ફોઇની ગેરહાજરીમાં તને કોઇ પણ પ્રકારે દુઃખ પડશે નહિ. "

સુંદરે કહ્યું—" હા, હા, હું એ જાણું છું. પરંતુ કોણ જાણે શાથી ફોઈ વિના કાંઇ ગમતુંજ નથી. "

દુલારીએ ઉત્તર આપ્યો;—" થોડા દિવસ વિતશે એટલે ફો

ઇની ગેરહાજરીમાં પણ અહીં ગમશે. "

રાજેશ્વરી દ્વારની પાછળ ઉભી ઉભી ઉપરનો વાર્ત્તાલાપ સાં-ભળી રહી હતી, તેથી તરતજ તે પાસે આવીને કહેવા લાગી;-- "સુંદર ! હવે ત્હારે ઈંગ્રેજી અભ્યાસ કરવાને માટે અહીં રહેવું પડશે પરંતુ જ્યાં સુધી ત્હારૂં અહિં સારી રીતે મન નહિ લાગે ત્યાં સુધી હું ત્રીજે ચોથે મહિને અહિં આવી તને મળી જઇશ, અને વર્ષની અંદર દોઢ મહિનાની રજા તને મળશે તે સમયે હું તને મ્હારી પાસે રાખીશ. "

દુલારીએ સ્મિત કરી કહ્યું;—" હે સુંદર ! હવે તને અહીં રહેવાને માટે કાંઇ અડચણ છે ? "

એટલામાં મોહનલાલ પણ બહારથી આવી પહોંચ્યો, તથા તે પોતાની બ્હેન રાજેશ્વરીને મુખે સઘળી હકીકત સાંભળી ઘણો આનંદ પામ્યો; તથા તેણે વિચાર્યું;—" હે પ્રભુ ! મ્હને ઘણા દિવસે આવા પ્રકારનાં આનંદદાયક વચનો સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો છે. વાસ્તવિક રીતે જ્યારે ભાર્યા પ્રેમમયી હોય છે, સંતાન ગુણવાન હોય છે ત્યારેજ પુરૂષને પોતાનું જીવન આનંદમય જણાય છે. " મોહનલાલને પણ હવેથી પોતાનું જીવન ઘણું આનંદજનક જણાવા લાગ્યું.

* *

* * * * * * * * *

* **સમાપ્ત.** *

* * * * * * * * *

* *

આ ટાઈટલ મુકુન્દઆર્ટ પ્રેસ–અમદાવાદમાં માહારાજા નટવરલાલજી ગિરધરલાલજીએ છાપ્યું.